પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ અંક : ૨૮૪ કુલ પાના : ૪ તારીખ : ૨૫-૦૭-૨૦૨૪ ગુરુવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દક્ષિણ-મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ: બોરસદમાં ૧૩, ઉમરપાડામાં ૧૧ અને પલસાણામાં ૧૦ ઈંચ વરસાદ ખાબક્યો





અમદાવાદ

હવામાન વિભાગ દ્વારા આગામી ૪ દિવસ માટે કરવામાં આવી હતી ત્યારે આજે ૨૪ જુલાઈએ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ માજા મૂકી હતી. મધ્ય ગુજરાતના બોરસદમાં ૪ કલાકમાં ૧૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત મધ્ય ગુજરાતના આણંદ, વડોદરા, ભરૂચ, છોટા ઉદેપુર, પંચમહાલ સહિતના વિસ્તારોમાં સરેરાશ એકથી પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે. બીજી તરફ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં સૌથી વધુ ૧૧ ઈંચ પલસાણા તાલુકામાં ૧૦ ઈંચ વરસાદ તેમજ નવસારી ખેરગામ તાલુકામાં ૯ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે જૂનાગઢના વિસાવદર તાલુકામાં ૮ ઈંચ અને સુરત જિલ્લાના કામરેજ અને બારડોલી તાલુકામાં ૮-૮ ઈંચ વરસાદ અને દેવભૂમિ દ્વારકાના દ્વારકા તાલુકામાં ૮ ઈંચ વરસાદ નોંધાયાના અહેવાલો છે. આ ઉપરાંત ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ૭ ઈંચ અને તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં ૭ ઈંચ વરસાદ નોંધાયો છે.

સુરત શહેરમાં વરસાદના લીધે સુરતીઓનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. શહેરના ખાડી કિનારાના રહેણાક વિસ્તારોમાં વરસાદી પાણી ઘૂસી ગયા છે. વરસાદી પાણીના કારણે વેલંજા વિસ્તારના રાજીવનગરમાંથી લગભગ ૬૦ જેટલા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. સીમાડા તથા ભેદવાડ ખાડી ઓવરફ્લો થઈ ગઈ છે અને અન્ય ખાડીઓ પણ બન્ને કાંઠે વહેતી થઈ છે. જેના કારણે ખાડી કિનારાનાં અનેક વિસ્તારમાં પાણીનો ભરાવો થયો છે. આ ઉપરાંત બે ખાડી ઓવરફ્લો થતા અનેક રોડ પર પાણી ફરી વળ્યા છે. જેના કારણે વાહન વ્યવહારમાં ભારે મુશ્કેલી પડી રહી છે.

વડોદરા શહેર ઉપરાંત જિલ્લામાં પણ ભારે વરસાદના કારણે અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા. વડોદરા શહેરમાં પાંચ ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત જિલ્લાની વાત કરીએ તો સિનોર તાલુકામાં પણ પાંચ ઈંચ વરસાદ ખાબક્યો છે જ્યારે જિલ્લાના સાવલી તાલુકામાં ૧૧, વાઘોડિયામાં ૮, ડભોઈ ૧૬, પાદરા ૫૭, કરજણમાં ૩૦ મિ.મી. વરસાદ પડ્યો હતો. વડોદરા શહેર અને જિલ્લામાં આજે સવારથી સતત વરસાદ ચાલુ રહેતા નીચાણવાળા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. સવારથી પડેલા વરસાદના કારણે જનજીવન પણ અસ્તવ્યસ્ત થઈ ગયું છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે, વડોદરા શહેરમાં ચાર કલાકમાં પાંચ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. વરસાદના કારણે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી ગઈ છે.

ભરૂચ શહેર અને જિલ્લામાં મંગળવાર રાતથી વરસી રહેલા ધોધમાર વરસાદના લીધે શહેરના વિવિધ વિસ્તારો વરસાદી પાણીમાં જળમગ્ન બન્યા છે. ભરૂચના ગાયત્રી મંદિર, એશિયાડ નગર, નિરાંત નગર સહિત દીવા રોડ પર આવેલી સોસાયટીમાં વરસાદી પાણી ઘૂસી ગયા છે. શહેરના મુખ્ય માર્ગો પર બેટ જેવી સ્થિતિ સર્જાઇ છે. ભરૂચ જિલ્લાના ઝઘડિયામાં ૫ ઈંચ, અંકલેશ્વરમાં ૫ ઈંચ, હાંસોટમાં ૫ ઈંચ, વાલિયા અને વાગરામાં ૪ ઈંચ, જંબુસરમાં ૨.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે.

નવસારી જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા આગામી ૪૮ કલાક રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આજે અહીં ભારે વરસાદ થતાં અનેક સ્થળો પાણીથી ભરાઈ ગયા છે. શહેર અને નીચાણવાળા વિસ્તારોમાં લોકોના ઘરમાં ઘુંટણસમા પાણી ભરાઈ ગયા છે. હાલ લોકો પાણીમાં રહેવા મજબૂર બન્યા છે.નવસારી જિલ્લામાં આવેલા ઉપરવાસમાં ભારે વરસાદ પડતા જિલ્લામાં આવેલી ત્રણેય નદીઓ બે કાંઠે વહી રહી છે. નદી-નાળામાં પાણીની આવક વધતાં જિલ્લા પંચાયત હસ્તકના ૭૮ માર્ગો બંધ કરવાનો આદેશ પણ તંત્ર દ્વારા આપવામાં આવ્યો છે.નવસારીના વેડછા ડામર, અડડા રોડ, જલાલપુર તાલુકામાં તવડીનો એપ્રોચ રોડ, ચીખલી તાલુકામાં બામણવેલ દોણજા, હરણ ગામ રોડ, ચીખલીના પીપળ, આમ ધરા મોગર વાળી રૂમાલ રોડ બંધ કરવામાં આવ્યો છે.ભારે વરસાદ પડતા નવસારી શહેરમાં આવેલા વોર્ડ નંબર ૧૩ ના દશેરા ટેકરી વિસ્તારમાં રહેતા ૫૦થી વધુ પરીવારોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. ઘરોમાં ઘુંટણસમા પાણી ભરાઈ જતા લોકો હાલાકીનો સામનો કરી રહ્યા છે.

ઉપરવાસમાં ભારે વરસાદના કારણે જૂનાગઢ જિલ્લાના ૧૯ ડેમમાંથી ૧૬ ડેમ ઓવરફ્લો થયા છે. પાણીના પ્રકોપથી ૯૬ ગામ પ્રભાવિત થયા છે. ભારે વરસાદને પગલે જિલ્લાના કુલ ૬૫ રસ્તા બંધ કરવામાં આવ્યા છે.વરસાદમાં અત્યાર સુધી કુલ ૨૭ લોકોનું રેસ્ક્યુ કરાયું છે. ૧૨૩૮ લોકોનું સ્થળાંતર કરવાની ફરજ પડી છે. વરસાદના કારણે જૂનાગઢમાં ૩ લોકોના મૃત્યુ છે. ભારે વરસાદના પગલે તંત્ર પણ એલર્ટ મોડમાં જોવા મળ્યુ છે. એનડીઆરએફની એક ટીમ કેશોદ ખાતે તૈનાત કરવામાં આવી છે. તેમજ જીહ્રઈહ્લની એક ટીમ જૂનાગઢ ખાતે તૈનાત કરવામાં આવી છે.

બીજી તરફ ઓઝત ૨ ડેમના ૮ દરવાજા ૩ ફૂટ ખોલવામાં આવ્યા છે. ૨૦હજાર ક્યુસેક પાણીની આવકની સામે એટલી જ જાવક છે. ઓઝત નદી ઉપરનો બાદલપરા ડેમ સૌથી મોટો ડેમ છે. વંથલી, કેશોદ, માણાવદર તાલુકાના ગામોને એલર્ટ કરાયા છે. ઓઝત નદીનાં સમગ્ર ઘેડ પંથકના ગામોને પ્રભાવિત કરે છે.ઉત્તર ગુજરાત પર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાતા ભારે વરસાદ આવશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે, આગામી દિવસોમાં ગુજરાતમાં વરસાદી સિસ્ટમ હજુ પણ વધારે સ્ટ્રોંગ બનશે. ખાસ કરીને આગામી ૫ દિવસ દરમ્યાન રાજ્યભરમાં ઠંડરસ્ટોર્મની આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર વધારે રહેશે.હવામાન વિભાગ દ્વારા વરસાદી સિસ્ટમોને ધ્યાને લઈને અલર્ટ આપવામાં આવ્યું છે. ખાસ કરીને દરિયાઈ વિસ્તારોમાં વિશેષ સુચના આપી દેવામાં આવી છે. હાલ માછીમારીઓએ પણ દરિયો ન ખેડવા ચેતવણી અપાઈ છે.હવામાન વૈજ્ઞાનિકે વધુમાં જણાવ્યુંકે, હાલ જે પ્રકારે ગુજરાત પર અલગ અલગ સિસ્ટમો સક્રિય થઈ છે એમાં પવનની ગતિ વધશે. ૪૫ કિ.મી.થી લઈને ૬૫ કિ.મી. સુધી રહેશે પવનની ઝડપ. તેજ રફતારથી ફૂંકાશે પવન.

## ઓડિશામાં મિસાઈલ પરીક્ષણ:ડીઆરડીઓએ ટેસ્ટ પહેલા ૨૦હજાર લોકોનું સ્થળાંતર કરાવ્યુ



બાલાસોર,

ઓડિશાના બાલાસોર જિલ્લા પ્રશાસને ૧૦ ગામોમાંથી લગભગ ૨૦ હજાર લોકોને અસ્થાયી રૂપે સ્થાનાંતરિત કર્યા છે. આજે બુધવારે ડીઆરડીઓ દ્વારા કરવામાં આવી રહેલા મિસાઈલ પરીક્ષણને ધ્યાનમાં રાખીને આ લોકોને ખસેડવામાં આવ્યા છે.

સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મિસાઈલ પરીક્ષણ ઓડિશાના ચાંદીપુર આઈટીઆર રેન્જમાં કરવામાં આવશે. આવી સ્થિતિમાં ડીઆરડીઓએ મિસાઈલ પરીક્ષણ માટે તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

બીજી તરફ, બાલાસોર જિલ્લા પ્રશાસને આ માટે ૧૦ ગામોમાંથી લગભગ ૨૦ હજાર લોકોને અસ્થાયી રૂપે સ્થાનાંતરિત કર્યા છે. પ્રશાસને લોન્ચ પેડથી ૩.૫ કિલોમીટરની ત્રિજ્યામાં આવતા ગામોને ખાલી કરાવ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે સુરક્ષાના કારણોસર આ લોકોને શિફ્ટ કરવામાં આવ્યા છે. આ લોકોને પડતી અસુવિધાને ધ્યાનમાં લઈને તેમને વળતર આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે જિલ્લા વહીવટીતંત્રે તૈયારીઓની સમીક્ષા કરવા માટે મંગળવારે એક બેઠક બોલાવી હતી, બેઠક બાદ બુધવારે સવારે ૪ વાગ્યા સુધીમાં લોકોને તેમના ઘર છોડવા માટે કહેવામાં આવ્યું હતું. આ લોકોને આગળના આદેશો પછી જ તેમના ઘરે પાછા ફરવાનું કહેવામાં આવ્યું છે.

આ લોકોના રહેવા માટે હંગામી કેમ્પ બનાવવામાં આવ્યા છે. રાહત શિબિરોમાં આ લોકો માટે પીવાના પાણીથી લઈને હેલ્થ કેમ્પ સુધીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે આ વિસ્તારમાં માછીમારો અને મજૂરો માટે વળતરની પણ જાહેરાત કરવામાં આવી છે. હાલમાં, દરેક પુખ્ત વ્યક્તિ માટે પ્રતિ દિવસ ૩૦૦ રૂપિયા વળતર નક્કી કરવામાં આવ્યું છે. જ્યારે સગીરો માટે ૧૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે ભોજન માટે ૭૫ રૂપિયા અલગથી મળશે.

## ચિલોડાના બી.એસ.એફ. કેમ્પમાં કોન્સ્ટેબલની બેરેકમાંથી ગાંજો પકડાયો



ગાંધીનગર,

ગાંધીનગર શહેર નજીક આવેલા ચિલોડાના બીએસએફ કેમ્પ ખાતે કોન્સ્ટેબલની બેરેકમાંથી ૫૪ ગ્રામ જેટલો ગાંજો મળી આવ્યો હતો. જેના આધારે બટાલિયનના આસિસ્ટન્ટ કમાન્ડન્ટની ફરિયાદના આધારે ચિલોડા પોલીસે કોન્સ્ટેબલ સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી લીધી હતી.આ અંગે પોલીસ પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે બીએસએફ કેમ્પ ખાતે ૫૩ બટાલીયનમાં આસીસ્ટન્ટ કમાન્ડન્ટ તરીકે ફરજ બજાવતા મુરારીલાલ પુનીયા મહાવીરપ્રસાદ પુનીયાને ગઈકાલે સોમવારે ઉપરી અધિકારીએ સૂચના આપી હતી કે, અમદાવાદના શાહીબાગ મેન્ટલ હેલ્થ હોસ્પીટલમાં કોન્સ્ટેબલ મહેન્દ્ર મોતીલાલ પાટીલે નશો કર્યો છે.જેનાં પગલે બીએસએફનાં અધિકારીઓ મેન્ટલ હોસ્પિટલ પહોંચી ગયા હતા. જ્યાં ફરજ પરના ડોકટર સાથે વાતચીત કરતાં બીએસએફ કોન્સ્ટેબલ મહેન્દ્ર પાટીલે નશો કર્યાનું અને એક પેકેટ પણ સીઝ કરવામાં આવ્યું હોવાનું માલુમ પડયું હતું. જે અંગેનો રીપોર્ટ ઉપરી અધિકારીને મોકલી આપવામાં આવ્યો હતો.જેનાં પગલે કોન્સ્ટેબલ પાટીલને ડિસ્ચાર્જ કરાવી બીએસએફ કેમ્પ લઈ જવાયો હતો. બાદમાં તેના બેરેકમાં રાખવામાં આવેલા સામાનની તલાશી લેતાં ૧૧ પ્લાસ્ટિકનાં ગાંજાનાં પેકેટ મળી આવ્યા હતા. આ અંગે બીએસએફનાં આસિસ્ટન્ટ કમાન્ડન્ટની ફરીયાદના આધારે ચીલોડા પોલીસે ૫૪ ગ્રામ જેટલો ગાંજો જપ્ત કરી કોન્સ્ટેબલ મહેન્દ્ર પાટીલની એનડીપીએસ એક્ટ હેઠળ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## કાઠમંડુના ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પ્લેન ક્રેશ, ૧૯ માંથી ૧૮ના મોત



કાઠમંડુ,

નેપાળના કાઠમંડુમાં ત્રિભુવન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું છે, આ વિમાનમાં ૧૯ લોકો સવાર હતા, જેમાંથી ૧૮ લોકોનાં મોત થયાં છે. સ્થાનિક મિડિયા મુજબ કાઠમંડુમાં એક એરપોર્ટ પર વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના મૃતદેહો મળી આવ્યા છે. આ વિમાન સૌર્ય એરલાઈન્સનું વિમાન ૧૯ લોકોને લઈને પોખરા જઈ રહ્યું હતું, ત્યારે ટેકઓફફ વખતે દુર્ઘટનાનો શિકાર થયું હતું.

ઘટનાસ્થળેથી સામે આવેલા વિડિયોમાં એરપોર્ટ પર ધુમાડાના ગોટેગોટાની સાથે ભીષણ આગ જોઈ શકાય છે. આ વિમાનમાં ફક્ત એરલાઈન્સનો ટેક્નિકલ સ્ટાફ હોવાની માહિતી મળી રહી છે. જોકે તેમાં કોઈ મુસાફર મુસાફરી કરી રહ્યું નહોતું. આ માહિતી ખુદ એરપોર્ટના ઈન્ફર્મેશન ઓફિસરે આપી હતી. વિમાન જેવું જ ક્રેશ થયું તો જાણે આગના ગોળામાં રૂપાંતરિત થઈ ગયું હતુ અને એકાએક ધુમાડાના ગોટેગોટા આકાશમાં સર્જાયા હતા.આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૮ લોકોનાં મોત થયાં છે. આ વિમાનમાં કુલ ૧૯ લોકો સવાર હોવાની માહિતી મળી છે. હાલ રાહત અને બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. અને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. વિમાનમાં લાગેલી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ફાયર વિભાગની ટીમ દ્વારા પાણીનો મારો ચલવવામાં આવી રહ્યો છે. આ દુર્ઘટના પછી ત્રિભુવન એરપોર્ટ પર પહોંચનારા વિમાનોને લખનૌ કે કોલકાતા બાજુ ડાયવર્ટ કરી દેવામાં આવ્યા છે. નેપાળમાં પ્રતિ વર્ષ સરેરાશ એક વિમાન દુર્ઘટના બને છે. ૨૦૧૦થી માંડીને અત્યાર સુધી કમસે કમ ૧૨ વિમાન દુર્ઘટનાઓ થઈ ચૂકી છે

ગયા વર્ષે પણ નેપાળમાં વિમાન દુર્ઘટનામાં ૭૨ લોકોના મોત થયા હતા. વર્ષ ૨૦૨૩માં નેપાળમાં યેતી એરલાઈન્સનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. યેતી એરલાઈન્સ દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓમાં પાંચ ભારતીયોનો પણ સમાવેશ થાય છે. તપાસમાં સામે આવ્યું છે કે યેતી એરલાઈન્સનો અકસ્માત પાઈલટની ભૂલને કારણે થયો હતો, જ્યારે વિમાનના પાઈલટે ભૂલથી પાવર કાપી નાખ્યો હતો, જેના કારણે વિમાન ક્રેશ થયું હતું.

## સાગઠિયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અંદાજે ૧૬ કરોડ રૂપિયાની કિંમતની જમીન બિલ્ડરને આપી દીધી

રાજકોટ,

રાજકોટના અગ્નિકાંડના બનાવ બાદ ટીપીઓ સાગઠિયાના કૌભાંડ એક પછી એક બહાર આવી રહ્યા છે.જેમાં અગ્નિકાંડ બાદ હવે સાગઠિયાનું જમીન કૌભાંડ પણ બહાર આવ્યું છે. જેને પગલે સાગઠિયાની દશા બેઠી હોય તેમ જણાઈ રહ્યું તપાસમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સરકારી જમીન બિલ્ડરને પધરાવી દીધી હોવાનું જણાયું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અંદાજે ૧૬ કરોડ રૂપિયાની કિંમતની જમીન બિલ્ડરને આપી દીધી હોવાનું કહેવાય છે. બિલ્ડરને આ જમીન પધારવવાના મામલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા અનેક ફરિયાદો કરવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા કોઈ પરણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ન હતી.

૫૫ વર્ષ પહેલા કલેકટરે જમીન યુનિવર્સિટીને ફાળવી હતી. પરંતુ ટીપીઓ સાગઠિયાએ આ જમીન બિલ્ડરને પધરાવી દીધી હતી.રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના કલંકિત ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી. સાગઠીયા દ્વારા સંચિત કરાયેલી અપ્રમાણસર મિલકતો જો એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા શરૂ કરવામાં આવેલી તપાસમાં કંઈપણ આગળ વધવાની ધારણા છે . અગાઉ તેના ભાઈની ઓફિસમાંથી કુલ રૂ. ૧૮ કરોડની કિંમતનું સોનું, ચાંદી, હીરા અને અન્ય કીમતી ચીજવસ્તુઓ રિકવર કર્યા બાદ, ભ્રષ્ટાચાર નિરીક્ષકને જાણવા મળ્યું છે કે સાગઠિયા પાસે પેટ્રોલ પંપ , ખેતીની જમીન અને અન્ય સ્થાવર મિલકતો પણ તેમના જીવનસાથીના નામે નોંધાયેલી છે.

## ગીરસોમનાથમાં બહારના બ્રાહ્મણો પાસે પૂજા કરાવતા વિવાદ થયો



ગીરસોમનાથ,

ગીરસોમનાથમાં બહારના બ્રાહ્મણો પાસે પૂજા કરાવતા વિવાદ થયો છે. સોમનાથ ટ્રસ્ટ અને સ્થાનિક સોમપુરા તીર્થ પુરોહિતો વચ્ચે વિવાદ થતાં સોમપુરા બ્રહ્મ સમાજ ઉપવાસ પર ઉતર્યો છે. વિરોધ કરતા ભૂદેવોની પોલીસે અટકાયત કરી હતી. ત્યારબાદ ભૂદેવોએ પોલીસ સ્ટેશનમાં મંત્રોચ્ચાર શરૂ કર્યા હતા. પોલીસ સ્ટેશનમાં ઉપવાસ ઉપર બેઠેલી મહિલાની તબિયત લથડતાં તેને હોસ્પિટલમાં લઈ જવાઈ છે.સોમનાથ ખાતે સોમપુરા બ્રહ્મ સમાજ ઉપવાસ પર ઉતર્યો છે. ગીરસોમનાથમાં બહારના બ્રાહ્મણો પાસે પૂજા કરાવતા વિવાદ થયો છે. સોમનાથ ટ્રસ્ટ અને સ્થાનિક સોમપુરા તીર્થ પુરોહિતો વચ્ચે વિવાદ થતાં સોમપુરા બ્રહ્મ સમાજ ઉપવાસ પર ઉતર્યો છે. ભૂદેવોએ ટ્રસ્ટના સેક્રેટરી યોગેન્દ્ર દેસાઈના હાય હાયના નારા લગાવ્યા હતા જેથી વિરોધ કરતા ભૂદેવોની પોલીસે અટકાયત કરી હતી.સોમનાથ ટ્રસ્ટ દ્વારા બહાર ના બ્રાહ્મણો પાસે પૂજા પાઠ કરાવતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે. ભૂદેવોએ પોલીસ સ્ટેશનમાં જ મંત્રોચ્ચાર શરૂ કર્યા હતા. સોમપુરા બ્રહ્મ સમાજના ભૂદેવોએ પોલીસ સ્ટેશનમાં ઉફવાસ આંદોલન શરુ કરતાં એક મહિલાની તબિયત લથડી હતી જેથી તેને સારવાર માટે ખસેડાઈ હતી.બીજી તરફ ઘટનાની જાણ થતાં કોંગ્રેસના નેતા હીરાભાઈ જોટવા પણ પોલીસ સ્ટેશમાં પહોંચ્યા હતા અને ભૂદેવો સાથે વાતચીત કરી ભૂદેવોની લડાઈમાં સમગ્ર વિસ્તાર સાથે હોવાનું જણાવ્યું હતુ અને આજના દિવસને સોમનાથ માટે કલંકિત ગણાવ્યો હતો.

## બિહારમાં પેપર લીક વિરોધી કાયદો પસાર, બિનજામીનપાત્ર ગુનો

પટણા

નીતીશ સરકારે બિહારમાં પેપર લીક કરનારાઓ પર કડક કાર્યવાહી કરવાની વ્યવસ્થા કરી છે. હકીકતમાં બુધવારે બિહાર વિધાનસભામાં પેપર લીક વિરોધી કાયદો પસાર કરવામાં આવ્યો હતો. આ કાયદો પસાર થયા બાદ હવે રાજ્યમાં પેપર લીક કેસમાં દોષિતોને ૧ કરોડ રૂપિયા સુધીનો દંડ અને ૧૦ વર્ષ સુધીની જેલ થશે.

આ કાયદા હેઠળના તમામ ગુનાઓ કોગ્નિઝેબલ અને બિનજામીનપાત્ર હશે. નીતિશ સરકારે પહેલા જ સ્પષ્ટ કરી દીધું હતું કે સરકાર ચોમાસુ સત્રના પહેલા જ દિવસે ત્રણ મોટા બિલ રજૂ કરશે, જેમાંથી એક પેપર લીક વિરોધી કાયદો હશે. આ કાયદા હેઠળ પેપર લીક કેસમાં દોષિત ઠરનાર અધિકારીઓ કે કાવતરાખોરોને ૧૦ વર્ષની જેલ અને ૧ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. ઉપરાંત, કોઈપણ વિદ્યાર્થી અથવા જૂથ માટે સજાની જોગવાઈઓ વધારી શકાય છે.

આ કાયદા અનુસાર, જો પરીક્ષામાં ભાગ લેનાર કોઈપણ કર્મચારી પેપર લીકમાં દોષી સાબિત થાય છે, તો તેના માટે ૧ કરોડ રૂપિયાના દંડની જોગવાઈ છે. તેમજ પરીક્ષામાં જે પણ ખર્ચ થશે તે તે જ કર્મચારીઓ પાસેથી વસૂલવામાં આવશે અને તેમને ચાર વર્ષ માટે બ્લેકલિસ્ટ કરવામાં આવશે.

તમને જણાવી દઈએ કે બિહાર સરકાર પહેલા કેન્દ્ર સરકારે પણ પેપર લીક વિરોધી કાયદો બનાવ્યો હતો. એનઈટી યુજીસી એસએસસી યુપીએસસી રેલ્વે ભરતી, બેંકિંગ વગેરે જેવી પરીક્ષાઓના પેપર લીક કરનારા ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા માટે આ કાયદો બનાવવામાં આવ્યો હતો. મોદી સરકારે આ વર્ષે ફેબ્રુઆરીમાં તેને પબ્લિક એકઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ ૨૦૨૪ નામ આપીને પાસ કર્યું હતું અને આ વર્ષે જૂનમાં તેનો અમલ કરવામાં આવ્યો હતો.

## હાથકડી પહેરીને તાજમહેલ જોવા આવ્યો કેદી, પ્રવાસીઓ અને સ્થાનિક લોકો આશ્ચર્યચકિત



આગ્રા,

તાજમહેલના પૂર્વ દરવાજા પર હાથકડી પહેરેલ કેદી તાજમહેલમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા જોવા મળ્યો હતો. આ દ્રશ્યે પ્રવાસીઓ અને સ્થાનિક લોકોને ચોંકાવી દીધા હતા.એએસઆઈ કર્મચારીઓએ કેદીને તાજમહેલમાં પ્રવેશતા અટકાવ્યો હતો. જોકે તેની સાથે પોલીસકર્મીઓ પણ ત્યાં હાજર હતા. વાસ્તવમાં, આ ઘટના ત્યારે શરૂ થઈ જ્યારે હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના એક કેદીને અહીં હાજર થવા માટે લાવવામાં આવ્યો.

તેણે પોલીસકર્મીઓ સાથે તાજમહેલની મુલાકાત લેવાની ઈચ્છા વ્યક્ત કરી અને કેદી હાથકડી પહેરીને સીધો તાજમહેલના પૂર્વી દરવાજા પર ગયો. આ દ્રશ્ય જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. સ્થાનિક લોકો અને પ્રવાસીઓએ આ તસવીરને પોતાના કેમેરામાં કેદ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ પોલીસકર્મીઓએ કેમેરા છીનવી લેવાનો પ્રયાસ કર્યો. આગ્રાના પર્યટન સ્થળ તાજમહેલમાં આ ઘટના ચર્ચાનો વિષય બની છે.લોકો વિચારવા લાગ્યા છે કે આ રીતે કાયદો અને સુરક્ષા વ્યવસ્થાની મજાક કેવી રીતે ઉડાવી શકાય. મામલો વધુ જટિલ બન્યો જ્યારે ખબર પડી કે પોલીસકર્મીઓ હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાંથી આવ્યા હતા અને કેદીને કોર્ટમાં લાવતી વખતે તેમની ફરજની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હતું. હવે જોવાનું એ રહે છે કે હિકચલ સરકાર આ મામલે શું પગલાં લે છે.

## નાગરિકોની ઓનલાઈન ફરિયાદો-નિવારણ કાર્યક્રમ લોન્ચ કરશે સીએમ ભુપેન્દ્ર પટેલ

ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ ગુરૂવાર તા. ૨૫ જુલાઈના રોજ બપોરે યોજાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. આ ઉપક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં જુલાઈ ૨૦૨૪નો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૫મી જુલાઈએ યોજાશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેઓ ગુજરાતના સીએમ હતા ત્યારે જણાવ્યું હતું કે સીએમ એટલે કે કોમન મેન, હું કોમન મેનનો સેવક છે. પ્રજાસેવક એટલે કે જાહેરસેવક છું. તેમની આ જ વાતને ચરિતાર્થ કરતાં સીએમ ભુપેન્દ્ર પટેલ બીજા સીએમ એટલે કે કોમનમેનને સાંભળશેભૂપેન્દ્ર પટેલ, ગુરૂવારે ૨૫મી જુલાઈના રોજ બપોરે ૩-૩૦ વાગ્યે રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે. સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, તા. ૨૫મી જુલાઈના રોજ સવારે ૮ થી ૧૧ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. સીએમ ભૂપેન્દ્ર પટેલ બપોરે ૩-૩૦ કલાકે મુખ્યમંત્રીશ્રી કાર્યાલય જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને રજૂઆતો સાંભળશે.

**ગોધરા નગરપાલિકા**

**ટુકી મુદ્દતની જાહેર નિવિદા-૭ સને ૨૦૨૪-૨૫ (બીજો પ્રયત્ન)**

ગોધરા નગરપાલિકા મુખ્ય અધિકારીશ્રી, ગોધરા-૩૮૯૦૦૧,જી.પંચમહાલ ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૧૮૪ દ્વારા એમ.એલ.એ.જોગાવાઈ વર્ષ-૨૦૨૩-૨૪ હેઠળ મંજુર થયેલ ગોવિંદી ગામે હરીજાંબા ફળીયામાં બોર મોટરના કામની અંદાજીત રકમ રૂા.૦.૬૦ લાખ અને ગોવિંદી ગામે અશ્વિનભાઈ પટેલના ઘર તરફ જતાં સી.સી. રસ્તાના કામની અંદાજીત રકમ રૂા. ૧.૦૦ લાખના ઓફ લાઈન ટેન્ડર્સ માંગવામાં આવે છે.પ્રસ્તુત કામના કોરા ટેન્ડર્સ તા.૨૬/૦૭/૨૦૨૪ થી તા.૦૫/૦૮/૨૦૨૪ સુધી ૧૬:૦૦ કલાક સુધીમાં નગર પાલિકા ગોધરામાં જરૂરી અરજી સાથે રજીસ્ટ્રેશનની ખરી નકલ, બેંક સોલ્વન્સી (કેલેન્ડર વર્ષ-૨૦૨૪) ભાગીદારી લેખ, પાનકાર્ડની નકલ, જી.એસ.ટી.ની નકલ વિગેરે તથા જરૂરી ટેન્ડર ફી રજુ કર્યે થી આપવામાં આવશે. ભરેલા ટેન્ડર્સ ઈ.એમ.ડી.ની એફ.ડી.આર. સાથે બંધ કવરમાં આર.પી.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ થી પરત કરવાની છેલ્લી તા.૦૮/૦૮/૨૦૨૪ સુધીનો છે. ઓફ લાઈન ટેન્ડર્સ તા.૦૯/૦૮/૨૦૨૪ના રોજ ખોલવામાં આવશે. કોઈ પણ અથવા બધાં જ ટેન્ડર અમાન્ય કરવાનો હકક આબાદીત રાખેલ છે. વધુ વિગત માટે નગરપાલિકા કચેરીનો સંપર્ક સાધવો

તા:-૨૪/૦૭/૨૦૨૪

આર.એચ.પટેલ<br>મુખ્ય અધિકારી<br>નગરપાલિકા, ગોધરા

જયેશકુમાર બી. ચોહાણ<br>પ્રમુખ<br>નગરપાલિકા, ગોધરા.

(માહિતી/ ગોધરા/૨૧૪/૨૦૨૪)

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# મહીસાગર જીલ્લાના ૪૧ કર્મચારીઓની બદલી માટે ફેર વિચારણા કરવામાં ન આવે તો તમામ આરોગ્ય કર્મચારીઓ જીલ્લા પંચાયત ખાતે ધરણા પ્રદર્શન કરવાનું મિટિંગમાં નક્કી કરવામાં આવ્યા

મલેકપુર,

મહીસાગર જીલ્લાના આરોગ્ય કર્મચારીઓ દ્વાર મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા બે વર્ષથી જીલ્લા આરોગ્ય વહીવટી અધિકારીઓ દ્વારા ત્રાસ આપવામાં આવે છે. કર્મચારીઓ કામ કરતા હોવા છતાં નાની નાની ભૂલો શોધી ટોર્ચર કરવામાં આવે છે. આજે મહીસાગર જીલ્લાના તમામ કર્મચારીઓ એક સાથે મળી લડવાનું નક્કી કરવામાં આવ્યું છે. કર્મચારીઓના પ્રશ્ન બાબતે અનેકવાર રજૂઆત કરવા છતાં કર્મચારીઓના પ્રશ્નનો ઉકેલ લાવવાના બદલે આકસ્મિક ચેકિંગ ઓફિસ સમય બાદ હાથ ધરી ૨૪ કલાકની અંદર એકી સાથે ૪૧ આરોગ્ય



કર્મચારીઓની બદલી કરતા આરોગ્ય કર્મચારીઓમાં તીવ્ર રોષ ભભૂકી ઉઠ્યો છે અને તાત્કાલિક અસરથી પુનઃવિચારણા કરી કર્મચારીઓને ન્યાય માટે માંગણી કરેલ છે. કર્મચારી રાત દિવસ જોયા વગર સરકાર દ્વારા સોંપવામાં આવેલ વર્ક લોડ પૂર્ણ કરી જીલ્લાનું નામ રોશન કરી રહ્યા છે. તેવા સંજોગોમાં સામૂહિક બદલી યોગ્ય નથી. આ જીલ્લાના કર્મચારીઓ કોરોના સમયગાળો હોય કે રોગચાળો હોય ૨૪ કલાક ખડે પગે નિસ્વાર્થ ભાવે ફરજ બજાવી રહ્યા છે. ચોમાસાની ઋતુને ધ્યાને લેવામાં આવેલ નથી. ગુજરાત મુલ્કી સેવા નિયમો મુજબ ચાલુ શૈક્ષણિક ક્ષેત્ર દરમિયાન બદલી નહીં કરવાની પ્રથા તરીકે રાજ્ય સરકારે નિયમ બનાવેલ છે, તેની અવગણના કરી કોઈ ચોક્કસ પરિબળ હેઠળ બદલીઓ કરવામાં આવી છે. આમ, આરોગ્ય કર્મચારીની બદલી કરવાથી આરોગ્ય કામગીરી ઉપર પણ સીધી અસર થાય તેમ છે. મહીસાગર જીલ્લાના સમગ્ર આરોગ્ય કર્મચારી પરિવાર આનો સખત વિરોધ નોંધાવે છે. જો આગામી સમયમાં જીલ્લાના અધિકારીઓ દ્વારા કર્મચારીઓને હેરાન કરવાનું બંધ નહીં કરે તો મહીસાગર જીલ્લાના તમામ આરોગ્ય કર્મચારીઓ જીલ્લા પંચાયત ખાતે ધરણા પ્રદર્શન કરવાનું મિટિંગમાં નક્કી કરવામાં આવ્યું હતું.

# મલેકપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આકસ્મિક તપાસમાં ત્રણ સ્ટાફ નર્સની બદલી કરાતા દર્દીઓ રામ ભરોસે

મલેકપુર,

તાજેતરમાં મહીસાગર જીલ્લા વહીવટી તંત્ર દ્વારા જીલ્લાના કેટલાક આરોગ્ય કેન્દ્રો પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં અનિયમિતતા ઝડપાઈ જતાં જીલ્લામાં એકસાથે ૪૧ આરોગ્ય સ્ટાફની બદલી કરવામાં આવી હતી. આ બદલીઓમાં મલેકપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફનો સમાવેશ થાય છે. જેમાં ત્રણ સ્ટાફ નર્સની બદલી કરાઈ છે, પરતનું આ બદલીઓમાં સ્ટાફ નર્સની નિમણૂંક ન કરવામાં આવતા આરોગ્ય સેવાઓ પર ગંભીર અસરો પડી છે. મલેકપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એક સાથે ૩ સ્ટાફ નર્સની બદલી કરતાં આરોગ્ય સેવાઓ ખોરવાઈ છે. દર્દીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે, દર્દીઓને ઈંજેક્ટબેલ સારવાર આપાતી નથી. તેમજ સગર્ભા માતાઓને લોહીના બોટલ પણ અપાતા નથી. તેમજ હાલ ચોમાસાની ઋતુમાં ઝાડા ઉલ્ટી તેમજ કૂતરૂં કરડવાના કેસોને પણ સારવાર મળતી નથી. જેના લીધે આજુબાજુના ગરીબ દર્દીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. હાલમાં ચોમાસાની ઋતુમાં રોગચાળો પણ ભયંકર રીતે પ્રસરી રહ્યો છે, તેમજ ચાંદીપુરમ વાઈરસે પણ પગ પેસારો કરી રહયો છે. ત્યારે જીલ્લા વહીવટી તંત્રએ મલેકપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આવતા ગામોના દર્દીઓની સહેજ પણ દરકાર લીધા વગર સ્ટાફ નર્સોની બદલી કરી નાખી છે. જેના કારણે છેલ્લા આઠ–દસ દિવસથી સ્ટાફ નર્સ વગર દર્દીઓ ઈન્જેક્શનનો મુકાવ્યા વગર પાછા જવું પડે છે. મલેકપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તારમાં ૬૭ ગામોના ૪૫ હજાર લોકોનો સમાવેશ અને માસિક ૫૦૦ થી ૬૦૦ ઓપીડી છે. ત્યારે તાત્કાલિક અસરથી નિર્ણય લઈ સ્ટાફ નર્સ મૂકવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૬ માં પ્રવેશ પરીક્ષા માટે ૧૬ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન રજીટ્રેશન કરાવી શકાશે

**- વિદ્યાર્થીઓ** https://navodaya.gov.in/ **અથવા** https://cbseitms.rcil.gov.in/nvs/ **વેબ સાઈટ પર પોતાનું રજીટ્રેશન નિશુલ્ક કરાવી શકશે.**

મહીસાગર,

જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૬ માં (સત્ર ૨૦૨૫–૨૬) દરમ્યાન પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષાના ઓનલાઈન રજીટ્રેશન ચાલુ છે. ઓનલાઈન રજીટ્રેશન કરવાની અંતિમ તારીખ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪ છે. મહીસાગર જીલ્લાની સરકારી અને સરકાર માન્ય શાળાના શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન ધો–૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ https://navodaya.gov.in/ અથવા https://cbseitms.rcil.gov.in/nvs/ વેબ સાઈટ પર પોતાનું રજીટ્રેશન નિઃશુલ્ક કરાવી શકે છે.

# રાજ્ય વહીવટી કર્મચારી સંઘ મહામંડળના હોદ્દેદારોની બિન હરીફ વરણી

મલેકપુરી,

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળની સામાન્યસભા તાજેતરમાં દેવભૂમિ દ્વારકા મુકામે તા.૨૨–૭–૨૦૨૪ નારોજ યોજાઈ. જેમાં મહામંડળના પ્રમુખ તરીકે મિતેશકુમાર વી.મોદી (ગાંધીનગર), મહામંત્રી તરીકે પંકજભાઈ રાજ્યગુરૂ (ભાવનગર) અધ્યક્ષ તરીકે રાજવીરસિંહ ગોહિલ (સુરત) તથા મહીસાગર જીલ્લાના વિનોદભાઈ જે. પટેલ સરસ્વતી



વિદ્યાલય દોલતપુરાને ઉપપ્રમુખના હોદ્દા ઉપર સતત ત્રીજીવાર બિનહરીફ વરણી કરાઈ હતી. જેમાં બોર્ડ સદસ્ય મુકેશભાઈ પટેલ તથા ગુજરાત રાજ્યના ૩૩ જીલ્લાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

# મલેકપુર ગામ પાસે દુધના ટેમ્પાને નડયો અકસ્માત



મલેકપુર,

મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુરના હડમતીયા ગામ પાસે દુધ વાહન ટેમ્પાને અકસ્માત નડ્યો હતો. જયારે લુણાવાડા થી મલેકપુર પરત ફરી રહેલા દુધના ટેમ્પાને અકસ્માત થયો હતો. મલેકપુર પાસે આવેલ હડમતીયા ગામ નજીક બાઈક ચાલકને બચાવવા જતાં ટેમ્પા ચાલકે સ્ટેરીંગ કાબુ ગુમાવતા ટેમ્પો રોગની સાઈડ ઉપર જઈને ખાબકયો હતો. જયારે સદ્દનસીબે કોઈ મોટી જાનહાનિ સર્જાઈ ન હતી. જયારે ટેમ્પા ચાલકને નાનીમોટી ઈજાઓ પહોંચી હતી. જયારે અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકોના ટોળા ઘટનાં સ્થળે દોડી આવ્યા હતા. આમ, લુણાવાડા થી દીવડા જતા હાઈવે રોડ ઉપર દુધના ટેમ્પાને અકસ્માત નડયો હતો.

# અમદાવાદ ખાતે યોજાયેલ સર્જનાત્મક અભિવ્યકિત અંગેની કાર્યશાળામાં જોડાયા સરકારી કોલેજ કઠલાલના વિદ્યાર્થીઓ




નડિઆદ,

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના સ્વયં સેવકો અમદાવાદ ખાતે આવેલ યુવક વિકાસ ટ્રસ્ટ દ્વારા યુવાન, નેતૃત્વ, સર્જનાત્મકતા અને સમાજ ઘડતર વિષય પર યોજાયેલ ચાર દિવસીય પૂર્ણ નિવાસી કાર્યશાળામાં જોડાયા હતા. વિદ્યાર્થીઓની આજના નૂતન સામાજીક પરિવેશમાં ટેકનોલોજીના માધ્યમ થકી સમાજને જોવા, જાણવા અને સમજવાની સ્કીલ વિકસે તેમજ મોબાઈલ દ્વારા ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શકિતઓ ખીલે અને સકારાત્મક સર્જન તરફ તેઓ સક્રિય થાય તેવા યશસ્વી અને ઉમદા હેતુથી પ્રસ્તુત કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ. પ્રસ્તુત કાર્યશાળા અંતર્ગત સરકારી વિનયન અને વાણિજય કોલેજ કઠલાલના સમાજશાસ્ત્ર વિષયના અદ્યાપક અને રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડો. પરેશ પટેલના માર્ગદર્શન હેઠળ નિરજ ઝાલા, નિરજ ડાભી, જયરાજ ડાભી, રાજન ડાભી, કૌશિક ડાભી, અજય પરમાર એમ કુલ ૦૬ વિદ્યાર્થીઓએ સામાજીક વિષય પર ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી કરેલ. જેમાં સામાજીક વજૂદ ધરાવતા ફોટોગ્રાફ કે વિડિયો લેવામાં આવેલ. વિદ્યાર્થીઓમાં તેમજ ખાસ કરીને આજના યુવાનોમાં સમાજને, સમાજના પ્રશ્નોને એક નૂતન દષ્ટિકોણથી સમજવાની દષ્ટિ કેળવાય તે માટે પ્રસ્તુત સમગ્ર કવાયતની વિદ્યાર્થીઓને પ્રેરણા, પ્રોત્સાહન આપવામાં આવેલ. આ કાર્યશાળામાં વિદ્યાર્થીઓને ફોટોગ્રાફી અંગેની માહિતી સમીરભાઈ પાઠક દ્વારા આપવામાં આવેલ. સમગ્ર કાર્યશાળાનુ સુચારૂ આયોજન અને સંચાલન મદદનીશ વરિષ્ઠ કાર્યક્રમ અધિકારી વિક્રમસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ.

# રાજ્ય સહકાર મંત્રીની અધ્યક્ષતામાં ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી,નડીઆદ ખાતે સહકાર થી સમૃધ્ધિ કાર્યક્રમ યોજાશે

નડિઆદ,

સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર અંતર્ગત જીલ્લામાં આવેલ તમામ સહકારી સંસ્થાઓના આર્થિક વ્યવહારો, થાપણો અને ધિરાણો જીલ્લા બેંકના ખાતાઓમાંથી જ થાય તેના આયોજન માટે ગુજરાત સહકાર, મીઠા ઉદ્યોગ, લઘુ સુક્ષ્મ અને મદયમ ઉદ્યોગ રાજયમંત્રી જગદીશ વિશ્વકર્માની અદયક્ષતામાં તા. ૨૫–૦૭–૨૦૨૪ ના રોજ બપોરે ૦૨:૦૦ કલાકે ધી ખેડા જીલ્લા સહકારી બેન્ક (કેડીસીસી), સરદાર પટેલ સહકાર ભવન, મીશન રોડ નડિયાદ ખાતે સહકાર થી સમૃધ્ધિ અંતર્ગત કાર્યક્રમનુ આયોજન છે. જેમાં સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા સાથે, સચિવ સંદિપકુમાર, રાજય રજીસ્ટ્રાર તથા ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લિ.ના ચેરમેન અજયભાઈ પટેલ જરૂરી માર્ગદર્શન આપશે.

આ મીટીંગમાં જીલ્લા રજીસ્ટ્રાર, ધી ખેડા જીલ્લા મદયસ્થ સહકારી બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન અને ડિરેકટરઓ હાજર રહેશે તથા ખેડા, આણંદ અને મહિસાગર જીલ્લાના બાલાશિનોર તથા વિરપુર તાલુકાની વિવિધ એ.પી.એમ.સી. તથા વિવિધ સહકારી સંસ્થાના પ્રતિનિધિઓ / હોદ્દેદારો હાજર રહેનાર છે.

# જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં અનુસૂચિત જાતિ પેટા યોજનાની માર્ચ-૨૦૨૪ અંતિત તેમજ જૂન-૨૦૨૪ અંતિત સમીક્ષા બેઠક યોજાઇ

નડિઆદ,

જીલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં નડિયાદ કલેકટર કચેરી ખાતે અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ સંબંધિત વિવિધ યોજનાઓની સમિક્ષા બેઠક યોજાઈ. જેમાં અનુસૂચિત જાતિ પેટા યોજનાની (SCSP), અનુસૂચિત જાતિ અને જનજાતિ અત્યાચાર (એટ્રોસિટી) માટે જીલ્લા તકેદારી સમિતિ, મેન્યુઅલ સ્કેવેન્જર્સ, અને એટ્રોસીટીના કેસો સંભાળતા સરકારી વકીલઓની કામગીરી સમિક્ષા બેઠક યોજાઈ.

મીટિંગમાં વિવિધ કલ્યાણકારી યોજનાઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવી. બેઠક અંતર્ગત અનુસૂચિત જાતિના સમાજના લાભાર્થીઓને આપવામાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના નિર્માણ સહાય, પાક વ્યવસ્થા, પોષણ આહાર, મત્સ્ય ઉદ્યોગ અંતર્ગત સહાય અને પછાત વર્ગ કલ્યાણ સહિતની યોજનાઓમાં કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરી જીલ્લા કલેકટરએ માર્ગદર્શક સૂચનો આપ્યા હતા. તેમજ ચાલુ વર્ષ દરમિયાન જોગવાઈ મુજબ ખર્ચ કરવા સૂચનો કરેલ. વધુમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ અત્યાચાર અટકાવ અંતર્ગત એટ્રોસિટી માટે ઈન્વેસ્ટીગેશન પ્રક્રિયા, ભોગ બનનાર વિક્ટીમને સહાય, પોલીસ રક્ષણ અને ત્રિમાસિક સમય દરમિયાન નોંધાયેલ એટ્રોસિટી એકટ અંતર્ગત કેસ સહિતના મુદ્દાઓ પર સમીક્ષા કરવામાં આવી હતી.

સાથે જ ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ઘેર રીહેબીલીટેશન એકટ–૨૦૧૩ની ત્રિમાસીક બેઠક મળેલ જે અંગે અત્રેના ખેડા જીલ્લામાં આ સમયગાળામાં મેન્યુઅલ સ્કેવેન્જર્સ અંગે કોઈ બનાવ બનેલ નથી.

કલેક્ટર દ્વારા આગળ પણ આવા કોઈ બનાવ ના બને તે અંગે નગરપાલિકાઓને વધુમાં વધુ પ્રચાર–પ્રસાર કરવા સુચના આપેલ છે.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી એસ.ડી. વસાવા, નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, એટ્રોસિટી સંદર્ભમાં નિયુક્ત પોલીસ અધિકારી, સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# આપની આજ.......

મેષઃ આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

વૃષભઃ આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુનઃ આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે. શુભ કાર્યોમાં રાત્રિનો સમય વિતાવશો.

કર્કઃ આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો અને નિયમોનું પાલન કરો. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

સિંહઃ આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે અને સ્થાળાંતરણની યોજના સફળ થઈ શકે છે.

કન્યાઃ આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલાઃ આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિકઃ આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધનઃ આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકરઃ આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

કુંભઃ આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીનઃ આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી NSS સલાહકાર સમિતિમાં કોમર્સ કોલેજ ગોધરાને સ્થાન



ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એનએસએસની આગામી બે વર્ષ માટેની એટલે કે ૨૦૨૪–૨૫ અને ૨૦૨૫–૨૬ના વર્ષ માટેની સલાહકાર સમિતિમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. પ્રતાપસિંહ ચૌહાણ દ્વારા સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના બીકોમ સેમ–૫ ની એનએસએસની વિદ્યાર્થીની કુમારી હર્ષિતા લક્ષ્મણદાસ ખીમાણીની નિમણૂક કરાઈ છે, જે બદલ કુમારી હર્ષિતા સહિત કોલેજ પરિવારે કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણનો આભાર વ્યક્ત કર્યો છે.

કુમારી હર્ષિતાની સલાહકાર સમિતિની નિમણૂકને કોલેજ સંચાલક મંડળના પ્રમુખ ગોપાલસિંહ સોલંકી, સેક્રેટરી કામિનીબેન ગોપાલસિંહ સોલંકી, કોલેજના પ્રિન્સિપાલ તથા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રોફેસર અરૂણસિંહ સોલંકી સહિત સમગ્ર કોલેજ પરિવારે વધાવી લઈ અભિનંદન પાઠવ્યા છે. કુમારી હર્ષિતા ખીમાણીની સલાહકાર સમિતિમાં નિમણૂક બદલ એનએસએસના યુનિવર્સિટી પ્રોગ્રામ કોડીનેટર ડોક્ટર મયંકભાઈ શાહનો પણ વિશેષ આભાર વ્યક્ત કરાયો છે. સાથે સાથે કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ પરિવારમાં ખુશીની લાગણી છવાઈ છે અને તમામ વિદ્યાર્થીઓએ કુમારી હર્ષિતા ખીમાણીને અભિનંદન પાઠવ્યા છે.

# કાલોલ તાલુકાના મલાવ ગામે જીલ્લા પ્રાંત અધિકારીએ ગ્રામજનોના પ્રશ્નો સાંભળ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના મલાવગામે બુધવારના રોજ સવારે પંચમહાલ જીલ્લા પ્રાંત અધિકારી પી.ડી. જૈતાવત એ ગામની મુલાકાત લીધી હતી. મલાવ ગ્રામ પંચાયતના સભાખંડની અંદર જીલ્લા પ્રાંત અધિકારી પી.ડી.જૈતાવત સહિત તાલુકા કક્ષાના મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, આંગણવાડી સીડીપીઓ કાલોલ નાયબ મામલતદાર, તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા. જીલ્લા પ્રાંત અધિકારી દ્વારા ગ્રામજનોને મુશ્કેલીઓ અંગે પૂછતાં ગ્રામજનો દ્વારા ગેસ પાઈપલાઈન, જર્જરીત પાણીની ટાંકી, નવી દૂધ ડેરી, અંગેની રજુઆત કરવામાં આવી હતી. જેની જીલ્લા પ્રાંત અધિકારી દ્વારા નોંધ લેવામાં આવી હતી અને જે તે પ્રશ્નોનો જલ્દી પણે નિકાલ કરી લેવા માટે ખાતરી આપી હતી. ત્યારબાદ પ્રાંત અધિકારી દ્વારા આગણવાડી કેન્દ્ર પર જઈ બાળકોના, સ્વાસ્થ્ય,પોષણ, તેમને આપવામાં આવતું ભોજન, તેમજ કુપોષિત બાળકોના વજન, સહિતની ચકાસણી કરવામાં આવી હતી. આગણવાડીમાં બાળકો માટે મેનુ પ્રમાણે બનાવવામાં આવતા ભોજનનો સ્વાદ ચાખી તેની ગુણવત્તાની પણ તપાસણી કરવામાં આવી હતી. પરંતુ આવેલ



અધિકારી સમક્ષ આંગણવાડી કાર્યકર્તા બહેને ભાડાના મકાનમાં ચલાવવામાં આવતી આંગણવાડી વિશે રજૂઆત કરી ગ્રામ પંચાયતમાં મંજુર થયેલ આંગણવાડી વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે પૂર્ણ કરવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી. જીલ્લા પ્રાંત અધિકારી દ્વારા મલાવ ગામની સ્કૂલની મુલાકાત લઈ બાળકોના શિક્ષણ અને તેમના ભવિષ્ય અંગેની જાણકારી અંગે બાળકો અને શિક્ષણ અને સૂચન આપવામાં આવ્યા હતા. શાળામાં ભણતા બાળકોને લખતા વાંચતા તેમજ તેમની રૂચિઓ વિશે પણ ચકાસણી કરી હતી.મલાવ ગામ મુલાકાતે આવેલા જીલ્લા પ્રાંત અધિકારીને ગામના આગેવાનો દ્વારા પંચાયત ઘર નજીક જર્જરિત હાલતમાં ઊભી પાણીને ટાંકીનો નિકાલ કરવા પણ રજૂઆતો કરવામાં આવી હતી. તદુપરાંત ખુલ્લી જગ્યામાં નવી દૂધ ડેરી નું નિર્માણ કરવા માટે પણ રજૂઆત કરવામાં આવી હતી. સ્થાનિક ગ્રામ લેવલે આવેલી સરકારી દુકાનોની પણ મુલાકાત લઈ ગ્રાહકોને પૂરતા પ્રમાણમાં અનાજ, સમયસર તેમજ યોગ્ય પ્રમાણમાં મળે છે કે કેમ તેની પણ ચકાસણી કરવામાં આવી હતી.મલાવ ગામની મુલાકાત આવેલા જીલ્લા પ્રાંત અધિકારી દ્વારા ગ્રામજનોના પ્રશ્નોને સાંભળી તેણી નોંધ કરવામાં આવી હતી અને તેને જલ્દી પણે પૂર્ણ કરવા માટે ખાતરી આપી હતી.

# બે બાળકો સાથે પિયરમાં જવા નીકળેલ મહિલા ભૂલા પડી જતાં બાળકો તેમજ મહિલાને પરિવાર સાથે મિલન કરાવતી ૧૮૧ ગોધરા અભયમ ટીમ

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના સીટી વિસ્તાર માંથી જાગૃત વ્યક્તિ દ્વારા ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરીને જણાવેલ કે રસ્તા ઉપર એક મહિલા બે બાળકો લઈને ઊંઘી રહ્યા છે. તેમની મદદ માટે ૧૮૧ પર જાણ કરેલ. અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી થર્ડ પાર્ટી સાથે વાતચીત કરતા તેમને જણાવ્યુંકે, તેઓ રસ્તા પરથી જતા હતા. ત્યારે મહિલા બે બાળકો લઈને રોડની ડિવાઈડર પર ઊંઘતા હતા. જેથી મહિલાને ત્યાંથી ઉઠાડી સાઈડમાં સુરક્ષિત જગ્યા પર બેસાડ્યા અને પૂછપરછ કરી પરંતુ તે કોઈ સરખો જવાબ આપતા ન હતા. ૧૮૧ ટીમ દ્વારા મહિલા સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યુંકે, તેઓ બજાર આવ્યા હતા અને તેમને સંતાનમાં પાંચ બાળકો છે. જેમાંથી બે બાળકો સાથે લઈને એકલા આવ્યા હતા. તેમનું પિયર ગોધરા તાલુકાના નજીકના જ ગામમાં છે, મહિલાનું સફળ કાઉન્સિલિંગ કરતા મહિલા એ તેમનું નામ સરનામું અને તેમજ પરિવારના સભ્યોના નામ જાણાવ્યા. મહિલાએ જણાવેલ સરનામાં પર જઈ શોધખોળ કરી. તેમના પરિવારનો સંપર્ક કર્યો અને મહિલા તેમજ ૨ બાળકોને તેમના પતિને સોંપ્યા. આમ, ૧૮૧ ટીમ દ્વારા બે બાળકો અને મહિલાનું પરિવાર સાથે મિલન કરાવ્યું.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ વન વિસ્તરણ વિભાગના ડીસીએફએ આત્મહત્યાના પ્રકરણમાં નિષ્પક્ષ તપાસની માંગ સાથે આદિવાસી સમાજે જીલ્લા પોલીસવડાને મળી રજુઆત કરી



દાહોદ,
દાહોદ વન વિસ્તરણ વિભાગના ડીસીએફ આર.એમ.પરમારે પોતાની લાયસન્સવાળી બંદુકથી પોતાના લમણે બંદુક ટેકવી આત્મહત્યા કર્યાના બનાવને પગલે આજરોજ દાહોદ જીલ્લા સમસ્ત આદિવાસી સમાજના લોકો દ્વારા આ મામલે દાહોદ જીલ્લા પોલીસ વડાની મુલાકાત લઈઆ મામલે નિષ્પક્ષ અને તટષ્ઠ તપાસ હાથ ધરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે. ત્યારે પોલીસવડા દ્વારા પણ આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ નિષ્પક્ષ અને તટષ્ઠ તપાસ કરવાનું આશ્વાસન આદિવાસી સમાજને આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.બારેક દિવસ પહેલાં દાહોદ જીલ્લાના વન વિભાગના ડીસીએફ આર. એમ. પરમારે વહેલી સવારમાં ગોદી રોડ ઉપર આવેલ અંબિકા નગર સોસાયટીના રહેણાંક મકાનમાં પોતાની લાઈસન્સ વાળી રિવોલ્વર પોતાના લમણે ટેકવીને પોઈન્ટ બ્લેક રેન્જથી સ્વહસ્તે આત્મહત્યા કરી લેતા સમગ્ર દાહોદ પંથક સમેત ગુજરાત રાજ્યના વન વિભાગમાં જબરજસ્ત સ્બધતા નો સન્નાટો પ્રસરી જવા પામ્યો છે. ગુજરાત ના વન વિભાગના રેન્જ ફોરેસ્ટર ઓફિસરની ફરજો ઉપર થી આઈએફએસ ક્રેટરમાં સામેલ થયેલા દાહોદ વન વિસ્તરણ વિભાગના ડીસીએફ આર.એમ.પરમાર (આઈએફએસ) સ્વભાવે સરળ અને શાંત પ્રકૃત્તિના હતા ત્યારે વન વિભાગના સુપર કલાસ વન ઓફિસર આર.એ.પરમારે પોતાના લમણે રિવોલ્વર ટેકવીને આત્મહત્યા કરવા સુધી પ્રેરિત કરનારા એવી કઈ અને કેવા પ્રકાર ની હતાશાઓ કારણભૂત હશે ? જે તમામ પાસાઓ ઉપર દાહોદ જીલ્લાની પોલીસ તપાસ હાથ ધરી રહી છે. ત્યારે દાહોદ જીલ્લાના સમસ્ત આદિવાસી સમાજ દ્વારા આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ આજરોજ દાહોદ જીલ્લા પોલીસ વડા સમક્ષ આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી ન્યાયીક તપાસ કરવામાં આવે તેવી જીલ્લા પોલીસ વડા સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. આદિવાસી સમાજના અગ્રણીઓ દ્વારા જણાવ્યાં અનુસાર, આર.એમ.પરમારે આત્મહત્યા કરી તે અમને સૌને ખુબ આઘાત લાગ્યો હતો. આ ઘટના તે બહુ મોટી ઘટના છે અને આર.એમ.પરમારે રિવોલ્વરથી આત્મહત્યા કરી તે ખુબજ ગંભીર બાબત છે. એવી કેમ જરૂર પડી કે આ પગલુ ભરવું પડ્યું ? આ સંબંધે સરકારની તપાસ ચાલુ છે. અમે અમારા સમાજ તરીકે આશા રાખીયે છીએ કે, આ બનાવના મુળ સુધી પોલીસ પહોંચે અને મૃતક આર.એમ.પરમાર અને તેમના પરિવારજનોને ન્યાય મળે સાથે તમામ આદિવાસી કર્મચારીઓ તેમજ માનવ માત્ર તમામ લોકોને અપીલ કરવામાં આવી હતી કે, તેઓને કોઈ ઘટતું લાગતુ હોય કે રાજકીય હોય, નોકરીમાં દબાણ આવતું હોય તેવું લાગતું હોય તો સમાજને આ મામલે જાણ કરે, સમાજ એક પરિવાર છે માટે આર.એમ.પરમારના આત્મહત્યાના બનાવમાં પોલીસ ન્યાયીક તપાસ કરે તેવી લાગણી અને માંગણી આદિવાસી સમાજમાં ઉઠવા પામી છે. જાણવા મળ્યાં અનુસાર, આ મામલે દાહોદ જીલ્લા પોલીસ વડા દ્વારા આશ્વાસન પણ આપવામાં આવ્યું છે કે, ન્યાયીક તપાસ કરવામાં આવશે તેવી બાંહેધરી જીલ્લા પોલીસ વડા દ્વારા બાંહેધરી આપવામાં આવી હોવાનું આદિવાસી સમાજના અગ્રણીઓ દ્વારા જણાવાયું છે.

# ૧૨ શિક્ષકોની નિમણૂંક માટે ૧૮.૫૬ લાખ ઉઘરાવી ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો

દાહોદ
દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના અભલોડ ગામે આવેલી અને ગુજરાત ખેત વિકાસ પરિષદ દ્વારા સંચાલિત વિવેકાનંદ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકોની નિમણૂંક માટે ૧૮.૫૬ લાખ ગેરકાયદે ઉઘરાવી ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાની ફરિયાદ સી.આઈ.ડી. ક્રાઈમમાં નોંધાઈ છે.

ગુજરાત ખેત વિકાસ પરિષદ દ્વારા સંચાલિત દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના અભલોડ ગામે આવેલી શાળાના કિસ્સો અમદાવાદ સેટેલાઈટ વિસ્તારમાં માધવદીપ એપાર્ટમેન્ટમાં રહેતા કાંતિલાલ ભીખાભાઈ ચાવડા ગુજરાત ખેત વિકાસ પરિષદ, અમદાવાદમાં પ્રબંધ સમિતિના સભ્ય અને મંત્રી છે. આ સંસ્થા શૈક્ષણિક સંસ્થાનું સંચાલન કરે છે. વડોદરા સી.આઈ.ડી.ક્રાઈમ ઝોનમાં તેમણે ગત ૧૧ મી તારીખે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે, ગુજરાત ખેત વિકાસ પરિષદમાં ૧૮ આશ્રમ શાળાઓ આવેલી છે. આ શાળામાં શિક્ષકોની નિમણૂંક જીલ્લા શિક્ષણ અધિકારીના ભલામણ પત્ર આધારે સત્વરે નિમણૂંક આપવામાં આવે છે. પરિષદ દ્વારા સંચાલિત વિવેકાનંદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના અભલોડ ગામે આવેલી છે. તેમાં વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૭ દરમિયાન ભરતી કરાયેલા શિક્ષકો પાસેથી ગેરકાયદે નાણાંઉઘરાવી ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. શાળાના શિક્ષકો કે કર્મચારી વાંધો ઉઠાવે, તો તેઓને નોટિસો આપી ભયનું વાતાવરણ ઉભું કરાય છે. તેની તપાસ કરવા માટે જુલાઈ–૨૦૨૦માં એક સમિતિની રચના કરવામાં આવી હતી.

અગાઉ આ બાબતે હાઈકોર્ટમાં ફાઈલ થયેલી પિટિશન વિડ્રો કરી હતી. આ ગુનામાં આગોતરા જામીન મેળવવા માટે હરજીભાઈ નગોતાએ ગત ૨૦ મી તારીખે કોર્ટમાં કરેલી અરજીમાં જણાવ્યું હતું કે, ગુજરાત ખેત વિકાસ પરિષદના પૂર્વ મંત્રી દિનેશભાઈ બટુઆને મંત્રી પદેથી હટાવી દેતા તેમણે ચેરિટી કમિશનરની કચેરીમાં અરજી કરી હતી.
અગાઉ આ બાબતે હાઈકોર્ટમાં પિટિશન ફાઈલ થઈ હતી. જે વિડ્રો કરી હતી. તેમાં તત્કાલિન પ્રમુખ દ્વારા સોગંદનામુ કરવામાં આવ્યું હતું કે, આવો કોઈ ભ્રષ્ટાચાર થયો નથી અને શાળાના વિકાસના કામો થયા છે. તપાસ દરમિયાન શિક્ષકોએ જણાવ્યું હતું કે, શાળાના હેડ ક્લાર્ક હરજીભાઈ નાગોત તથા સંસ્થાના નિયામક પરથીભાઈ આર પસાયા દ્વારા અમને હાજર કરતા પહેલા આર્થિક સહાયની માંગણી કરવામાં આવી હતી. તેઓએ હાજર થવા આવેલા શિક્ષકો પાસેથી બે થી પાંચ લાખની માંગણી કરી હતી. શાળાની જરૂરિયાત માટે ડોનેશનના ઓથા હેઠળ ૧૮.૫૬ લાખ ૧૨ શિક્ષકો પાસેથી ઉઘરાવી લઈ પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાંખી હતી. ઉલ્લેખનીય છે કે, શિક્ષકોને નાણાં જમા કરાવ્યા અંગેની કોઈ પાવતી આપવામાં આવી નહતી તેમજ રૂપિયા સ્કૂલના વિકાસમાં આપ્યા નહતા અને પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાંખ્યા હતા. જે અંગે સી.આઈ.ડી.ક્રાઈમમાં ફરિયાદ નોંધતા પોલીસે પરિષદના તત્કાલિન મંત્રી બાબુભાઈ વિરચંદભાઈ વાઘેલા, સ્થાનિક સંચાલક મંડળના નિયામક પરથીભાઈ પસાયા, શાળાના હેડ ક્લાર્ક હરજીભાઈ નગોતા તથા શિક્ષક નિલકંઠ ઠક્કર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દાહોદ જીલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને ફતેપુરા તાલુકાક્ષાનો તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો




દાહોદ,
તા.૨૪ને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ખાતે મામલતદાર કચેરીએ દાહોદ જીલ્લા કલેક્ટર યોગેશ નિર્ગુડિના અધ્યક્ષસ્થાને ફતેપુરા તાલુકાનો તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ફતેપુરા તાલુકાના વિવિધ અરજદારોએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. તમામ પ્રશ્નોને કલેક્ટરે શાંતિપૂર્વક સાંભળ્યા હતા અને તમામ પ્રશ્નોનો યોગ્ય નિકાલ કરવાની ખાતરી આપી હતી. આ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ફતેપુરા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહીત તાલુકા વહીવટી તંત્રના વિવિધ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# બાળકોને લગતા કાયદાઓ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

દાહોદ,
સમાજમાં દરેક વ્યક્તિને કાયદાકીય જ્ઞાન હોવું એ અત્યંત આવશ્યક છે. એમાંય વિશેષ કરીને બાળકોને પણ તેનું જ્ઞાન હોવું જોઈએ. બાળકોનાં અધિકારો વિશે પણ બાળકો માહિતગાર હોવા જોઈએ. બાળલગ્ન પ્રતિબંધક અધિકારી એચ.એમ.રામાણી, જીલ્લા બાળ સુરક્ષા અધિકારી એસ. કે.તાવિયાડના માર્ગદર્શન હેઠળ તેમજ પ્રિન્સીપાલ એમ. ડી.ભુરીયાના સહયોગથી ગરબાડા તાલુકાના અભલોડ ગામ ખાતે આવેલ વિવકાનંદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, અભલોડ ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
આ કાર્યક્રમ દરમ્યાન જીલ્લા બાળ સુરક્ષા એકમના ઓ. આર. ડબલ્યુ. તેજસ બારીઆ દ્વારા બાળકોને બાળકોના અધિકારો વિશે સુરક્ષા અધિકારી (બિન સંસ્થાકિય સંભાળ), આર.પી.ભુરીયા દ્વારા બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ –૨૦૦૬ વિશે તેમજ લીગલ કમ પ્રોબેશન ઓફિસર એ. જી. કુરેશી દ્વારા પોકસો એકટ –૨૦૧૨ વિશે માહિતી આપવામાં આપવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારત દેશ નશામુકત થાય તેવું આહ્વાન કરવામાં આવ્યું છે. ત્યારે કાર્યક્રમના અંતે નશા મુકત ભારત અભિયાન અંતર્ગત બાળકોએ નશા નાબૂદી માટેના શપથ પણ લીધા હતા.

# દાહોદ જીલ્લામાં દાહોદ સિવાયના અન્ય તાલુકામાં વરસાદ પડતા વાતારવણમાં ઠંડક પ્રસરી

દાહોદ,
દાહોદ શહેર સહિત જીલ્લામાં છેલ્લા ઘણા સમયથી મેઘરાજાએ વિરામ લેતાં જીલ્લાવાસીઓ ગરમી તેમજ બફારાથી ત્રાહિમામ્ પોકારી ઉઠ્યાં તો બીજી તરફ ખેડુત મિત્રોમાં પણ ચિંતાના વાદળો છવાયા છે. આવા સમયે દાહોદ સિવાય દેવગઢ બારીઆ, લીમખેડા, ધાનપુર વિગેરે જેવા તાલુકાઓમાં વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.
દાહોદ જીલ્લામાં મેઘરાજા હાથ તાળી આપી ગાયબ થઈ રહ્યાં છે. છુટાછવાયા વરસાદને પગલે જીલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. ખેડુત મિત્રોએ પ્રથમ વરસાદ બાદ ખેતીકામમાં પણ જોતરાઈ ગયાં છે. પરંતુ જોઈએ તેવો વરસાદ ન પડતાં ખેડુતોમાં ચિંતાના વાદળો છળાઈ ગયાં છે. વરસાદ લંબાતા જીલ્લાવાસીઓમાં ગરમી તેમજ અસહ્ય બફારાથી હેરાન પરેશાન થઈ રહ્યાં છે. ત્યારે આજરોજ દેવગઢ બારીઆ, લીમખેડા, ધાનપુર, લીમખેડા જેવા વિસ્તારોમાં વરસાદ પડતાં આ વિસ્તારમાં ઠંડક પ્રસરી જવા પામી છે. ત્યારે અન્ય તાલુકાઓમાં હાલ પણ મેઘરાજા રિસાયા હોય તેમ લાગી રહ્યું છે. મેઘરાજા જીલ્લામાં મનમુકીને વરસે તેવી લોકોમાં આશા છે. ગત વર્ષ કરતાં આ વર્ષે વરસાદ જોઈએ તેવો પડ્યો નથી. હવે આવનાર દિવસોમાં મેઘરાજા મન મુકીને વરસે તેની લોકો રાહ જોઈ રહ્યાં છે.

# દાહોદ સામુહીક આરોગ્ય કેન્દ્ર કતવારા ખાતે હિપેટાઈટિસ ડે અંતર્ગત લઘુ શિબિર યોજાઈ

દાહોદ,
તા.૧૫ જુલાઈ થી ૨૮ જુલાઈ હિપેટાઈટિસ દિવસની ઊજવણી કરવાની હોય છે. જે અંતર્ગત આજ રોજ તા.૨૪–૦૭–૨૦૨૪ ના રોજજીલ્લા ક્ષય અને એચ.આઈ.વી. અધિકારી ડો.આર.ડી.પહાડીયા, સામૂહિક આરોગ્ય આરોગ્ય કેન્દ્ર અને રેફરલ હોસ્પિટલ કતવારાના અધિક્ષક ડોક્ટર ડી.બી. સોલંકીના માર્ગદર્શન હેઠળ સીએસસી કતવારા ખાતે HIV / AIDS,હીપેટાઈટીસ બી, TB, ચાંદીપુરમ, સિકલસેલ, સિફિલીસ જેવા રોગો વિશે IEC(પ્રચાર પ્રસાર)કરવામાં આવી અને લોકોને પત્રિકા,પોસ્ટરના માધ્યમ થી સમજ આપવામાં આવી, તેમજ ટેસ્ટીંગ વધારવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ દરમિયાન સામૂહિક આરોગ્ય કેન્દ્રના ડો. સંજય જાદવ, ICTC કાઉન્સેલર વિનોદકુમાર વી. પસાયા તથા ICTC લેબ ટેક. અંકિતકુમાર બામણ હાજર રહ્યા હતા.

# ગ્રામ પંચાયત દશલા ખાતે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું

દાહોદ,
તા. ૧૫ જુલાઈથી ૨૮ જુલાઈ હિપેટાઈટિસ દિવસની ઉજવણી કરવાની હોય છે. જે અંતર્ગત આજરોજ તા. ૨૨/૭/૨૦૨૪ નારોજ જીલ્લા ક્ષય અને એચઆઈવી અધિકારી ડો.આર.ડી પહાડિયા તાલુકા આરોગ્ય અધિકારી ડો ભગીરથ બામણીયાના માર્ગદર્શન હેઠળ સીએસસી કતવારાના આગાવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દસલા ગ્રામ પંચાયત ખાતે ચાંદીપુરમ, ટીબી, એડ્સ, હેપેટાઈટિસ બી જેવા રોગો વિશે IEC પ્રચાર પ્રસાર કરવામાં આવી અને લોકોને પત્રિકા પોસ્ટરના માધ્યમથી સમજ આપવામાં આવી. જેમાં ગામના સરપંચ ગરવાળ ચતુરીબેન કનુભાઈ તથા તલાટી પટેલ અભિભાઈ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર સેજલબેન તેમજ આગાવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ આઈસીટીસી કાઉન્સિલર વિનોદકુમાર વિ. પસાયા હાજર રહ્યા હતા.

# દે.બારીઆના સાગટાળા વિસ્તારમાં પીકઅપમાં કત્તલ માટે લઈ જવાતા ૩ ગૌવંશને બચાવી ચાલકની અટકાયત કરી

દાહોદ,
દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પોલીસે એક પીકઅપ ફોરવીલર ગાડીમાંથી ગેરકાયદેસર રીતે કુરતાપૂર્વક બાંધી રાખેલ કરવા માટે લઈ જવામાં આવતા ત્રણ ગૌવંશ ને મુક્ત કરાવી ગાડી ના ચાલકની અટકાયત કરી ૬૦,૦૦૦ના ત્રણ ગૌવંશ સાથે ગાડીની કિંમત મળી કુલ રૂપિયા ૫,૬૧,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.દાહોદ જીલ્લામાં પ્રોહીબિશનની પ્રવૃત્તિઓને અટકાવવા, જુગારની પ્રવૃત્તિઓને અટકાવવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા તેમજ સામાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસવડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દેવગઢ બારીઆ ની સાગટાળા પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ સાગટાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે સમયે ત્યાંથી એક પીકઅપ ફોરવીલર ગાડી પસાર થઈ હતી અને જેમાં ત્રણ ગૌવંશને ક્રૂરતાપૂર્વક દોરડાઓથી બાંધી તેમજ ઘાસચારા કે પાણીની વ્યવસ્થા નહીં રાખી ગૌવંશને કતલ કરવા માટે લઈ જવામાં આવતા હતા. ત્યારે પોલીસે આ ફ્રુઝર ફોરવીલર ગાડીનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો અને થોડે દૂરથી ફ્રુઝર ફોર વ્હીલર ગાડીને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીનો ચાલક હુસેનભાઈ કાળુભાઈ ઘાંચી (રહે. સીમ લાઘસી, ટેકરી ફળિયુ, તા. દેવગઢ બારીઆ, જી.દાહોદ)ને ઝડપી પાડ્યો હતો. જ્યારે તેની સાથેનો સત્તારભાઈ કાળુભાઈ ઘાંચી (રહે. સીમલાઘસી, ટેકરી ફળિયુ, તા.દેવગઢ બારીઆ, જી.દાહોદ) પોલીસને ચકમો આપી નાશી ગયો હતો. પોલીસે ૬૦,૦૦૦/– ના ત્રણ ગૌવંશ સાથે ગાડીની કિંમત મળી કુલ રૂપિયા ૫,૬૧,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે સાગટાળા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ માંથી પસાર થતી રેલ્વે લાઈનમાં ટ્રેનની અડફેટમાં મળેલ અજાણ્યા વ્યકિતનું મોત

દાહોદ,
દાહોદ શહેરમાંથી પસાર થતી રેલ્વે લાઈન પર કોઈ અજાણ્યા ૪૫ વર્ષિય પુરૂષ કોઈ ટ્રેનની અડફેટે આવી જતાં સ્થળ પર મોત નીપજતાં આ અંગેની જાણ સ્થાનીક રેલ્વે પોલીસને થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી જઈ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.
ગત તા.૨૨મી જુલાઈના રોજ દાહોદ શહેરમાંથી પસાર થતી દાહોદ રેલ્વે સ્ટેશનની પશ્ચિમે યાર્ડમાં અપ અને ડાઉન ક્રોસ રેલ્વે લાઈનની વચ્ચે કોઈપણ ટ્રેનની અડફેટે એક ૪૫ વર્ષિય અજાણ્યો પુરૂષ કોઈ ટ્રેનની અડફેટમાં આવી જતાં તેમને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.
આ અંગેની જાણ સ્થાનીક રેલ્વે પોલીસના કર્મચારીઓને થતાં રેલ્વેના કર્મચારીઓ તેમજ રેલ્વે પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જ્યાં અજાણ્યા વ્યકિતના મૃતદેહનો કબજે લઈ નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યો હતો અને રેલ્વે પોલીસ દ્વારા અજાણ્યા વ્યકિતના વાલી વારસની શોધખોળ હાથ ધરી આ સંબંધે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાગડાપાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે હેલ્થ કેમ્પ યોજાયો

દાહોદ,
દાહોદમાં તા.૧૫ જુલાઈ થી ૨૮જુલાઈ સુધી હિપેટાઈટિસ દિવસની ઊજવણી થઇ રહી છે. જેના અંતર્ગત મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.ઉદય ટીલાવત, જીલ્લાક્ષય અને એચ.આઇ.વી. અધિકારી ડો.આર.ડી.પહાડીયા, તાલુકા આરોગ્ય અધિકારી ડો.સુરેશ.વી.અમલિયારના માર્ગદર્શન હેઠળ સાગડાપાડા PHC ખાતે HIV /AIDS, હીપેટાઈટીસ બી, TB, ચાંદીપુરમ, સિકલસેલ, સિફિલીસ જેવા રોગો વિશે IEC(પ્રચાર પ્રસાર)કરવામાં આવ્યોહતો.જ્આ દરમ્યાન સ્થાનિક લોકોને પત્રિકા તેમજ પોસ્ટરના માધ્યમથી સમજ આપવામા આવી હતી. ત્યારબાદ સાગડાપાડા PHC પર હેલ્થ કેમ્પ દરમ્યાન ટેસ્ટિંગ પણકરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડો.રંજના, ICTC કાઉન્સેલર નયનાબેન દરજી તથા લેબટેક કૌશિકભાઇ સોલંકી HIV ટેસ્ટિંગ મોબાઇલ વાન માંથી તુષારભાઈ, LWS લિંક વર્કર તેમજ સાગડાપાડા PHC નો સ્ટાફ હાજર રહ્યા હતા. આ કેમ્પ દરમ્યાન કુલ ૮૭ જેટલા લાભાર્થીઓનું ટેસ્ટિંગ કરવામાંઆવ્યું હતું.

# દાહોદ જીલ્લામાં ૧૬ પોલીસ કર્મીઓને ઉત્કૃષ્ઠ કામગીરી માટે પોલીસવડાના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માનીત કર્યા

દાહોદ,
દાહોદ જીલ્લામાં પોલીસ વિભાગમાં ફરજ બજાવતાં ૧૬ જેટલા પોલીસ કર્મચારીઓની પોતાની ફરજ દરમ્યાન ઉત્કૃષ્ઠ કામગીરીને પગલે દાહોદ જીલ્લા પોલીસ વડા દ્વારા તેઓની પ્રશંસનીય કામગીરી પગલે જીલ્લા પોલીસ વડાના હસ્તે ૧૬ પોલીસ કર્મચારીઓને પ્રશસ્તતિપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યાં છે.દાહોદ જીલ્લામાં અલગ અલગ વિભાગોમાં ફરજ બજાવતાં કુલ ૧૬ પોલીસ કર્મચારીઓને તેઓની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ જીલ્લા પોલીસ વડા દ્વારા આ પોલીસ કર્મચારીઓને પ્રશંસનીય પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં છે. જેમાં જગદીશ ભંડારી નાયબ પોલીસ અધિક્ષક દાહોદ વિભાગ, દાહોદને દાહોદ જીલ્લામાં દાહોદ ડિવીઝનના દાહોદ ટાઉન બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં તા.૦૭/૦૬/૨૦૨૪ નારોજ રાત્રિના સમયે ખાન નદીના પુલ નીચે બનેલ અનડિટેકટ મર્ડરના ગુનાની ગંભીરતા ઘ્યાને લઈ ટેક્નિકલ સોર્સ તથા હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગણતરીના કલાકોમાં ડિટેકટ કરી આરોપીને ઝડપી પાડી મર્ડરનો અનડિટેકટ ગુનો ડિટેકટ કરી પ્રશંસનીય કાર્ય કરવા બદલ, એમ.એલ.ડામોર પોલીસ સબ ઈન્સપેકટર એલ.સી.બી.દાહોદ, દાહોદ જીલ્લામાં એલ.સી.બી.માં ફરજ દરમ્યાન પ્રોહીબિશનના ગણનાપાત્ર કેસો–૦૯ શોધી કાઢી જીલ્લામાં ગેરકાયદેસર વિદેશી દારૂની બદીને નેસ્તનાબુદ કરવામાં ખુબજ મહત્વનુ અને પ્રશંસનીય કાર્ય બદલ, કિરીટભાઈ ભેમાભાઈ અ.હેડ કોન્સ. એલ.સી.બી દાહોદ, દાહોદ જીલ્લામાં એલ.સી.બી.માં ફરજ દરમ્યાનઆંતર જીલ્લા ઘરફોડ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલ બે આરોપીઓને હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી પકડી પાડી વડોદરા શહેર તથા વડોદરા ગ્રામ્ય જીલ્લાના ત્રણ અનડિટેકટ ગુનાઓ ડિટેકટ કરવા બદલ, ડી.આર.બારૈયા પોલીસ સબ ઈન્સ્પેકટર એલ.સી.બી.શાખા, દાહોદ, દાહોદ જીલ્લામાં એલ.સી.બી.માં ફરજ દરમ્યાન ચકચારી દુલ્હન અપહરણ કેસમાં કાયદો અને વ્યવસ્થાની ગંભીરતા સમજી ગણતરીના દિવસોમાં મુખ્ય આરોપીને ભોપાલ, મધ્યપ્રદેશથી શોધી કાઢી અપહરણ થયેલ ભોગ બનનારને હેમખેમ શોધી કાઢવા બદલ, દિવ્યાબેન બચુભાઈ અ.વુ.લો.ર. પીપલોદ પો.સ્ટે, દાહોદ, દાહોદ જીલ્લામાં પીપલોદ પો.સ્ટે.માં ફરજ દરમ્યાન ચોકસાઈ પૂર્વક અને સમયસર ઉત્તમ કામગીરી કરવા બદલ, શિલ્પાબેન દલસિંહ અ.વુ.લો.ર ચાકલીયા પો.સ્ટે, દાહોદ, દાહોદ જીલ્લામાં ચાકલીયા પો.સ્ટે.માં ફરજ દરમ્યાન ચોકસાઈ પૂર્વક અને સમયસર ઉત્તમ કામગીરી કરવા બદલ, અંજનાબેન અજીતભાઈ વુ.પો.કો. રણધિકપુર પો.સ્ટે, દાહોદ, દાહોદ જીલ્લામા રણધિકપુર પો.સ્ટે.માં ફરજ દરમ્યાન ચોકસાઈ પૂર્વક અને સમયસર ઉત્તમ કામગીરી કરવા બદલ, મંજુલાબેન હરજીભાઈ વુ.પો.કો. સુખસર પો.સ્ટે, દાહોદ, દાહોદ જીલ્લામાં સુખસર પો.સ્ટે.માં ફરજ દરમ્યાન ચોકસાઈ પૂર્વક અને સમયસર ઉત્તમ કામગીરી કરવા બદલ, અંજનાબેન ચંદ્રસિંહ વુ.પો.કો. ધાનપુર પો.સ્ટે, દાહોદ, દાહોદ જીલ્લામાં ધાનપુર પો.સ્ટે.માં ફરજ દરમ્યાન ચોકસાઈ પૂર્વક અને સમયસર ઉત્તમ કામગીરી કરવા બદલ, સોમાભાઈ રતનાભાઈ એ.એસ.આઈ. એલ.સી.બી.દાહોદ, એલ.સી.બી.દાહોદ ખાતેની ફરજ દરમ્યાન લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓ તથા મિલકત સંબંધી ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપીઓને ઝડપી પાડવા બદલ, પોલીસ ઈન્સ્પેકટર એલ.આઈ.બી.દાહોદ, જીલ્લા એલ.આઈ.બી. શાખામાં ફરજ દરમ્યાન આપ તથા આપના તાબા હેઠળ કામ કરતા કર્મચારીઓએ ચાલુ સાલે લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ તેમજ વિવિધ ધાર્મિક પ્રસંગો જેવા કે રથયાત્રા, તાજીયા વિગેરે પ્રસંગોમાં બંદોબસ્ત માટેનું ખુબ જ સરસ આયોજન કરવા બદલ, એમ.એફ.ડામોર પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.ઓ.બી.દાહોદ, જીલ્લા એમ.ઓ.બી. શાખામાં આપ તથા આપના તાબા હેઠળ ફરજ બજાવતા કર્મચારીઓએ આધુનિક અભિગમ આપનાવી દ્રછહૈંજી નો ઉપયોગ કરી ગુનેગારોનો ગુનાહિત ઈતિહાસ તેમજ વણ શોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા બદલ, રાજેશભાઈ છગનભાઈ પો.કો. જેસાવાડા પોલીસ સ્ટેશન આપે દ્રછહૈંજી સોફ્ટવેર મેસા અને સ્લીપ કેપ્ચર એપ્લીકેશનનો ઉપયોગ કરી દાહોદ જીલ્લા મિલકત/શરીર સબંધી ગુનાઓમાં આરોપીઓને ઝડપી પાડવા બદલ, રાહુલભાઈ નવલસિંહ પો.કો.બ.નં.૦૮૮૬ જેસાવાડા પોલીસ સ્ટેશન આપે દ્રછહૈંજી સોફ્ટવેર મેસા અને સ્લીપ કેપ્ચર એપ્લીકેશનનો ઉપયોગ કરી દાહોદ જીલ્લા મિલકત/શરીર સબંધી ગુનાઓના આરોપીઓને ઝડપી પાડવા બદલ, સિરાજ અબ્દુલ્લા એ.એસ.આઈ. જેસાવાડા પોલીસ સ્ટેશન આપે દ્રછહૈંજી સોફ્ટવેર મેસા અને સ્લીપ કેપ્ચર એપ્લીકેશનનો ઉપયોગ કરી દાહોદ જીલ્લા મિલકત/શરીર સબંધી ગુનાઓના આરોપીઓને ઝડપી પાડવા બદલ, ડી.આઈ. સોલંકી પોલીસ સબ ઈન્સ્પેક્ટર પીપલોદ પો.સ્ટે. પીપલોદ પો.સ્ટે.વિસ્તારમાં માહે.૦૬/૨૪ મા ટ્રાફીકની મેનેજમેન્ટની અસરકારક કામગીરી કરી ગત વર્ષની સરખામણીએ ૦૬ અકસ્માત ગુનાઓ ઘટાડવા બદલ આ તમામ પોલીસ કર્મચારીઓને દાહોદ જીલ્લા પોલીસ વડા દ્વારા પ્રશસ્તતિપત્ર આપી તેઓની કામગીરી સન્માનિત કરવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.284

પૂરની પરિસ્થિતિમાં બનીએ સભાન

# સલામત બનાવીએ આપણું જીવન

આપત્તિ વ્યવસ્થાપન એ જ સાચી સાવચેતી



## પૂરની સ્થિતિ પહેલાં

- અફવા ફેલાવશો નહિ, શાંત રહો, ગભરાશો નહીં
- સ્થાનિક વહીવટીતંત્રના સંપર્કમાં રહી તેમની સૂચનાઓનું પાલન કરો
- આસપાસમાં સૌથી નજીકના સલામત સ્થળે પહોંચવાનો સલામત માર્ગ જાણો
- હવામાન અને પૂરની ચેતવણીની અદ્યતન માહિતી માટે રેડિયો સાંભળો કે ટેલિવિઝન નિહાળો
- તમારા મોબાઈલ ફોનને ચાર્જ કરી રાખો
- સર્પદંશ અને ઝાડા ઊલટી માટેની વધારાની દવાઓ સાથેની પ્રાથમિક સારવાર કિટ તૈયાર રાખો
- છત્રી સાથે રાખો અને સાપ જેવા ઝેરી જીવજંતુથી બચવા લાકડીની વ્યવસ્થા રાખો
- શુદ્ધ પાણી, સૂકો ખાદ્યપદાર્થ, મીણબત્તી/દીવાસળીની પેટીઓ, કેરોસીન, ફાનસ, મજબૂત દોરડાં, ટોર્ચ સાથે વધારાના બેટરી સેલ હાથવગા રાખો
- પશુઓના બચાવ માટે તેમને ખૂંટાથી છૂટાં રાખો

## સ્થળાંતર કરવાનું થાય ત્યારે

- લોકો અને પશુઓ સલામત આશ્રય લઈ શકે તેવા ઊંચા સ્થળે સ્થળાંતર કરો
- ઘરને તાળું મારી બંધ કરો અને દર્શાવેલા માર્ગે સલામત સ્થાને પહોંચો
- પૂરના પાણી ગટર દ્વારા ઘરમાં ન ઘૂસે તે માટે રેતીની કોથળીઓ મૂકી ગટર બંધ રાખો
- કપડાં, જરૂરી દવાઓ, કિંમતી ચીજ વસ્તુઓ, અંગત દસ્તાવજો વગેરેને વોટરપ્રુફ પેકિંગમાં બાંધી સાથે રાખો
- ફર્નિચર, ઘર ઉપયોગી સાધનો વગેરેને પલંગ કે ટેબલ ઉપર ઊંચે મૂકી રાખો
- ઘર છોડતા પહેલાં વીજ પુરવઠો અને ગેસ સિલિન્ડર બંધ કરો
- અજાણ્યા અને ઊંડા પાણીમાં ઉતરવાનું ટાળો

## પૂર દરમિયાન

- ગટર અને પાણીના નિકાલ માર્ગોથી દૂર રહો
- વીજ કરંટથી બચવા વીજળીના થાંભલા અને જમીન પર પડેલાં વીજ વાયરોથી દૂર રહો
- ઉકાળેલું જ પાણી પીવો અથવા પાણીને જંતુમુક્ત કરી પીવો
- આસપાસની જગ્યાને જંતુમુક્ત રાખવા ચૂનો અને બ્લિચીંગ પાવડરનો છંટકાવ કરો
- બાળકોને ભૂખ્યાં ના રાખો
- તાજો રાંધેલો અને સૂકો ખોરાક ખાવ, ખોરાકને ઢાંકીને રાખો

## પૂર બાદ

- સ્થાનિક સત્તાધિશો અને આકસ્મિક સેવાઓ સાથે જોડાયેલાં કાર્યકરોની સલાહ ધ્યાનથી સાંભળી, તેનું પાલન કરો
- મેલેરિયાથી બચવા માટે મચ્છરદાનીનો ઉપયોગ કરો
- બાળકોને પૂરના પાણીમાં કે પૂરના પાણીની નજીક જવા દેશો નહીં
- તૂટેલાં વીજ થાંભલાઓ, ક્ષતિગ્રસ્ત પુલ-નાળાં, તૂટેલાં કાચ, ધારદાર ચીજવસ્તુઓ અને ભંગારથી સાવચેત રહો
- ક્ષતિગ્રસ્ત વીજ ઉપકરણોનો ઉપયોગ ટાળો, ઈલેક્ટ્રિશીયન પાસે ચેક કરાવ્યા બાદ જ આવા ઉપકરણોનો ઉપયોગ કરો
- પૂરના પાણીથી પલળેલો ખોરાક આરોગો નહીં
- આકસ્મિક સમયે રાહત અને બચાવ માટે અહીં દર્શાવેલા આપાતકાલિન કંટ્રોલ રૂમના ટેલિફોન નંબર ઉપર જાણ કરો

**આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)* જિલ્લા કંટ્રોલ રૂમ - ૧૦૭૭ / રાજ્ય કંટ્રોલ રૂમ - ૧૦૭૦**

*મોબાઇલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

**જવાબદાર બનો**

તમારી અને તમારા આસપાસના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરો.

**વહીવટી તંત્રને સહકાર આપો**

જેથી ભેગા મળી વહેલી તકે સમસ્યાઓનું સમાધાન થઈ શકે.

અદ્યતન અને વિશ્વસનીય
માહિતી નીચેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી મળી શકશે

@infogujarat | gujaratinformation.official | gujarat.information




# પંચમહાલ જીલ્લામાં સાર્વત્રિક મેઘમહેર થતાં ધરતી પુત્રોમાં આનંદ

## ગોધરામાં ધીમીધારે જયારે હાલોલમાં ૪.૫ ઈંચ વરસાદ ખાબકયો.

શહેરા – ૨૯ મી.મી,મોરવા(હ) – ૪ મી.મી, ગોધરા – ૨ મી.મી, કાલોલ – ૨૦ મી.મી, ઘોઘંબા –૧૬ મી.મી, હાલોલ – ૪ ઈંચ, જાંબુઘોડા – ૪૩ મી.મી.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં વહેલી સવારથી વરસાદી માહોલ બન્યો છે. જીલ્લાના મોટાભાગના તમામ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે અને મેઘરાજાએ મહેર કરતાં ધરતીપુત્રોમાં આનંદ જોખોવા મળ્યો છે.

પંચમહાલ જીલ્લાના સમયથી મેઘરાજાએ રીસામણા લીધા હોય તેવી સ્થિતીને લઈ ધરતીપુત્રો ચિંતીત બન્યા હતા. ત્યારે આજે વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે મેઘરાજાએ ધીમી ધારે મેઘમહેર કરી હતી. ગોધરા શહેરમાં રીમઝીમ વરસાદ પડી રહ્યો છે. જયારે જીલ્લામાં શહેરા તાલુકામાં ૨૯ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. કાલોલ તાલુકામાં ૨૦ મી.મી., ઘોઘંબામાં ૧૬ મી.મી. જયારે હાલોલ તાલુકામાં ૪ ઈંચ જેટલો વરસાદ ખાબકયો છે. જાંબુઘોડામાં ૪૩ મી.મી. વરસાદ નોંધાયો. આમ, જીલ્લાના તમામ તાલુકાઓમાં સાર્વત્રિક મેઘમહેર થતાં વાતાવરણ થયું છે. હાલોલ તાલુકામાં ૪ ઈંચ જેટલા વરસાદને લઈ અનેક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી.



## પાવાગઢ તળેટી થી માંચી ડુંગર તેમજ મંદિર જવા માટે બંધ કરી દેવામાં આવ્યો



છેલ્લાં વીસ કલાકથી હાલોલ સહિત પંથકમા ભારે વરસાદને કારણે યાત્રાધામ પાવાગઢ ડુંગર પર યાત્રિકોની સુરક્ષા અને સલામતી ને લઈ વહીવટી તંત્ર દ્વારા પાવાગઢ તળેટી થી માંચી ડુંગર તેમજ મંદિર જવા માટે બંધ કરી દેવામાં આવ્યો છે.હાલોલ નગર સહિત પંથકમા ગતરાત્રિ થી મુશળધાર વરસાદ વરસતો હોવાને લઈ યાત્રાધામ પાવાગઢ ખાતે મોટી સંખ્યામાં માતાજીના ભક્તો દર્શને આવતા હોવાને લઈ કોઈ હોનારત ન થાય તે માટે યાત્રિકોની સુરક્ષા અને સલામતી ના ભાગરૂપે જ્યા સુધી વરસાદ બંધ ન થાય ત્યાં સુધી ઉપર જવા દેવા માટે નો રસ્તો વહીવટી તંત્ર દ્વારા બંધ કરી દેવામાં આવ્યો છે.જેમાં પાવાગઢ તળેટી ખાતે ડુંગર ઉપર જવાના રસ્તા ઉપર બેરિકેટ મૂકી રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હોવાની જાણકારી મળવા પામી

# પંચમહાલ ખાતે આવેલ NIV વૈજ્ઞાનિક ટીમ ચાંદીપુરા વાયરસમાં મૃત્યુ પામેલ બાળકો ઘરે જઈ પરિવારના સભ્યોના બ્લડ સેમ્પલ મેળવ્યા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ચાંદીપુરા વાયરસના ૧૫ જેટલા કેસ નોંધાવા પામ્યા છે અને જીલ્લામાં ચાંદીપુરા વાયરસને લઈને પાંચ જેટલા બાળકોના મોત નિપજાવા પામ્યા છે. જેને લઈ પંચમહાલ ખાતે પૂનાથી નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજી (NIV) વૈજ્ઞાનિકની ટીમ પહોંચી હતી.

**-કોટડા ગામે NIV ટીમે પાંજરામાં ઉંદર પકડી ઉંદરોના બ્લડ સેમ્પલ મેળવ્યા.**

**- ઝીંઝરી ગામે મૃતક બાળકીના પરિવારના સભ્યો તેમજ પશુઓના બ્લડ સેમ્પલ લીધા.**

પંચમહાલ જીલ્લા ખાતે પહોંચફેલ પૂના નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજી ટીમના પાંચ વૈજ્ઞાનિક ટીમ એ ગોધરા સિવિલ હોસ્પિટલ અને કોટડાની મુલાકાત લીધી હતી. એન.આઈ.વી. ટીમના વૈજ્ઞાનિક દ્વારા ગોધરા તાલુકાના કોટડા ગામે બાળકીનું મોત થયું છે. તે સ્થળની મુલાકાત લીધી હતી. વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા મૃતક બાળકીના પરિવાર સભ્યોના બ્લડ સેમ્પલ લીધા હતા સાથે એન.આઈ.વી. ટીમે આસપાસના ઘરોમાં ઉંદર પકડવાના પાંજરા મુકયા હતા અને પકડાયેલા ઉંદરના બ્લડ સેમ્પલ લીધા હતા. ત્યારબાદ એન.આઈ.વી.ની ટીમ ઘોઘંબાના ઝીંઝરી ગામે પહોંચી અને સેમ્પલો લેવાની કામગીરી હાથ ધરી છે. એન.આઈ.વી. ટીમ દ્વારા ચાંદીપુરા વાયરસને લઈ ભોગ બન્યા હોય તેવા પરિવારોના સભ્યો અને ઘરના પશુઓના બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા છે. પંચમહાલ જીલ્લામાં તપાસ બાદ એન.આઈ.વી.વૈજ્ઞાનિકની ટીમ મહિસાગર અને દાહોદ જીલ્લાની મુલાકાત માટે પણ પહોંચશે.

# ગોધરા જહુરપુરા પોસ્ટ ઓફિસ પાસે ૨૦૧૩માં મારમારી કેશમાં ૬ આરોપીઓને દોઢ વર્ષની કેદ સજા ફટકારતી કોર્ટ

ગોધરા,

ગોધરા જહુરપુરા પોસ્ટ ઓફિસ બાજુમાં ઈશાક મુસા બોકડાના આરોપી ભાઈએ તેમના રહેણાંક મકાનના ઝગડો ચાલતો હોય અને ઈલેકટ્રીક બીલના નાણાં ભરવા ઝગડાની અદાવતમાં ફરિયાદીને ઘર આગળ બોલાવીને કમરના ભાગે પાવડો મારી ઈજાઓ કરી હતી. જયારે અન્ય ૭ આરોપી દ્વારા પણ મદદગારી કરવામં આવી હોય આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાયેલ હોય ૨૦૧૩ના બનાવનો કેશ કોર્ટમાં ચાલી જતાં કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો.ગોધરા કોર્ટના હુકમમાં આરોપીઓ ઈકબાલ મુસા બોકડા, મુન્ના ઉર્ફે મોહમંદ યુસુફ મહેમદ કાલુ, અનશ મહમદ કાલુ, મોહમંદ સાદીક એહમદ કાલુ, ઉમર ફારૂક એહમદ કાલુ, ઈમરાન એહમદ કાલુ, સરફરાજ એહમદ કાલુ ઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ભારતીય દંડ સંહિતા કલમ–૩૨૩ મુજબ ગુનામાં દોષીત ઠેરાવી ૬ માસની સજા તથા પ્રત્યેક આરોપીને ૧૦૦૦/–રૂપીયા લેખે દંડનો હુકમ કરવામાં આવ્યો જો દંડ ન ભરે તો બે માસની વધુ સજાનો હુકમ કરવામાં આવ્યો. આરોપીઓને કલમ–૨૪૮(૨) અન્વે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫ મુજબ ૧ વર્ષની સાદી કેદની સજા અને પ્રત્યેક વ્યકિત દીઠ ૧૦૦૦/–રૂપીયાનો દંડ કરવામાં આવ્યો. આરોપી ઈકબાલ મુસા બોકડા, મોહમંદ સાદીક એહમદ કાલુ, ઉમર ફારૂક એહમદ કાલુ, સરફરાજ કાલુએ સજા સાથે ભોગવવાની તેવો હુકમ કરવામાં આવ્યો.

# શહેર તાલુકાની શાળાઓમાં ચાંદીપુરા વાયરસને લઈ બાળકોને માહિતગાર કરાયા

શહેરા,

શહેરા તાલુકાના માતરીયાવ્યાસ ગામની મુખ્ય પ્રાથમિક શાળા સહિત બીજી સાત જેટલી પ્રાથમિક શાળાઓમાં સંજીવની આરોગ્ય રથની ટીમ દ્વારા ચાંદીપુરા વાયરસના લક્ષણો અને તેનો ફેલાવો કેવી રીતે થતા હોવાની માહિતી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં તાલુકા આરોગ્ય અધિકારી ભરતભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવીને ચાંદીપુરા વાયરસના લક્ષણો અને તેનો ફેલાવો કેવી રીતે થતા હોવાની માહિતી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ને આપવામાં આવી રહી છે. જયારે તાલુકાના માતરીયા વ્યાસ, મંગલીયાણા, મંગલપુર, નવાગામ અને ખોજલવાસા ગામ ખાતે આવેલી પ્રાથમિક શાળા ખાતે સંજીવની આરોગ્ય રથ સાથે આરોગ્યની ટીમ પહોંચી હતી. પ્રાથમિક ખાતે ડોકટર પાયલ જોષી, પંકજ જાદવ અને નૈનેશ પટેલ સહિતની ટીમ દ્વારા બાલવાટિકા સહિત ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ચાંદીપુરા વાયરસ ના લક્ષણો અને તેનો ફેલાવો કેવી રીતે થાય છે, તેમજ ચોમાસાની ઋતુમાં થતા રોગોની વિસ્તૃત માહિતી શાળાના શિક્ષકોની ઉપસ્થિતિમાં આપવામાં આવી હતી. ઉપસ્થિત ડોક્ટર પાયલ જોષી અને તેમની ટીમ દ્વારા બાળકોનું મેડિકલ ચેકઅપ કરવામાં આવીને અમુક વિદ્યાર્થીઓને તાવ, શરદી, ખાંસી હોવાથી તેમને જરૂરિયાત મુજબની દવા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંજીવની આરોગ્ય રથની ટીમ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહિત જાગૃત વાલીઓ અને શાળા પરીવાર ઉપસ્થિત રહયા હતા. જે રીતે જીલ્લામાં ચાંદીપુરા વાયરસનો કહેર દિન પ્રતિ દિન વધતો જતો હોય ત્યારે જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં વધુમાં વધુ ટીમો મોકલીને સર્વે હાથ ધરવામાં આવીને દવાનો છંટકાવ કરવામાં આવે તે પણ જરૂરી છે.